


અમરેલી, ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું દૈનિક
R.N.I.N.70053/99, Postal Reg.No.AMR / 69/ Validup to 2021-23

सत्यमेव जयते
AVADH TIMES DAILY
સૌરાષ્ટ્ર આવૃતિ

પાના ૮ કિંમત છુટક નકલ રૂા.૨-૦૦
તા.૧૬-૧-૨૦૨૪ મંગળવાર

# અવધ ટાઇમ્સ

AVADH TIMES GROUP

ફોન :- (૦૨૭૯૨)-૨૨૩૮૯૬,૨૨૪૮૯૬,૨૩૨૪૯૯/૨૨૪૧૧૫/ ફેક્સઃ ૨૨૦૧૫૫/૨૨૪૯૪૭
Website: www.avadhtimes.net, E-mail: avadhtimes@gmail.com,news@avadhtimes.net,

તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : ભરત ડી.ચૌહાણ, અવધ ઓફસેટ,અમરપુર (વરૂડી),અમરેલીથી છાપીને અવધ ટાઇમ્સ કાર્યાલય, હેડ પોસ્ટ ઓફિસ સામે,અમરેલીથી પ્રસિધ્ધ કર્યુ. સહતંત્રી : વિજય ડી.ચૌહાણ સં.૨૦૮૦ પોષ સુદ ૬ વર્ષ : ૨૮ અંક ૧૩૩


જુનામાં જુનુ એટલે...
ઇબ્રાહીમભાઇનું
ઝનકાર
બ્રાસ બેન્ડ
લેડીઝ અને જેન્ટસ સિંગર સાથે
૧૦૦ માણસોનો સ્ટાફ મળશે
સંપર્ક : મો.૯૯૨૫૪ ૬૪૪૬૭ / ૮૭૫૮૩ ૧૪૩૦૪
સરનામું :- ચાંદની ચોક, અમરેલી
અમારી કોઇ બીજી શાખા નથી

## એસપીશ્રી હિમકરસિંહના માર્ગદર્શનમાં પોલીસની ટીમોએ ગણત્રીના કલાકોમાં અંતરીયાળ જગ્યાએ બનેલી ઘટનાનો ભેદ ઉકેલી ત્રણ આરોપીઓને પકડી પાડયા

# અંધશ્રધ્ધાને કારણે લાલાવદરમાં ત્રિપલ મર્ડર થયાનું ખુલ્યું

### પોતાની દિકરીનું બિમારીથી મોત થતા સુત્રધાર ભુરાએ મરનાર ભુરીએ તાંત્રીકવિધિ કરાવી હોવાથી અને તેને કારણે તે ડાકણ હોવાનું માની પતાવી દેવાનો પ્લાન કરેલ

### સાળા સહિત ત્રણની મદદથી ભુરાએ મોતનો ખેલ ખેલ્યો હતો : ત્રણ ઝડપાયા, ભુરો ફરાર : પોલીસ ઝડપી અને કડકમાં કડક કાર્યવાહી કરશે : એસપીશ્રી હિમકરસિંહ



અમરેલી,(ક્રાઈમરિપોર્ટર)

અમરેલી તાલુકાના લાલાવદર ગામની સીમમાં કુંવામાંથી મળી આવેલ ત્રણ લાશમાં ખુનનો ગુનો દાખલ થયા બાદ હત્યા કરનારા ચાર આરોપી પૈકી ત્રણને અમરેલીના એસપીશ્રી હિમકરસિંહના માર્ગદર્શનમાં અમરેલી એલ.સી.બી. અને તપાસ ટીમોએ પકડી પાડયા છે.

આ બનાવની વિગતો એવા પ્રકારની છે કે,તા. ૧૨/૦૧/૨૪ ના અમરેલીના લાલાવદર ગામની સીમમાં અલ્પેશભાઈ પાનસુરીયાના વાડીના કુવામાં (૧) મુકેશ અંતરીયાભાઈ દેવરખીયા, ઉ.વ. ૧૮, (૨) ભુરીબેન વા/ઓ. મુકેશભાઈ અંતરીયાભાઈ દેવરખીયા, ઉ.વ.૧૮, (૩) જાનુભાઈ ડા/ઓ. અંતરીયાભાઈ દેવરખીયા, ઉ.વ.૦૮ હાલ રહે.લાલાવદર ગામની સીમ, મુળ અલીરાજપુર મધ્યપ્રદેશની લાશો કુવામાંથી મળી આવતા અમરેલી રૂરલ પોલીસે મૃત્યુનું ચોક્કસ કારણ જાણવા લાશને ભાવનગર મેડીકલ કોલેજમાં ફોરેન્સિક વિભાગમાં મોકલી આપતા પોસ્ટ મોર્ટમ દરમિયાન ઈજાના નિશાનો મળી આવતા ત્રણેયની હત્યાઓ થઈ હોવાનું જણાતા ખુનનો ગુન્હો નોંધાયેલ.

**એસપીશ્રી હિમકરસિંહે તપાસ માટે ટીમો બનાવી**

ભાવનગર રેન્જ આઈ.જી. ગૌતમ પરમારએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાં બનતા ખુન જેવા ગંભીર અનડીટેકટ ગુનાઓ ડીટેક્ટ કરવા સુચના આપેલ હોય, અમરેલી પોલીસ અધિક્ષક હિમકર સિંહ નાઓએ ઉપરોકત ખુનનો ગુન્હો અનડીટેકટ હોય, ગુન્હાની વિગતોનો ઉંડાણપુર્વક અભ્યાસ કરી, ખુન જેવા ગંભીર પ્રકારના ગુન્હાને ડીટેકટ કરવા અમરેલી એલ.સી.બી. પો.ઈન્સ.એ. એમ. પટેલ ઓને જરૂરી સુચનાઓ અને માર્ગદર્શન આપેલ હોય, જે અન્વયે એલ.સી.બી. ટીમ તથા એસ.ઓ.જી. અમરેલી પો.ઈન્સ. આર.ડી.ચૌધરી તથા પીપાવાવ મરીન પો.સ્ટે.ના પો.સબ.ઈન્સ.પી.બી.લકકડ

(અનુ. પાના નં.૬)


Kaneriya Oil Industries
RANI®
GOLD સિંગતેલ
www.ranioil.com
નવી મગફળીનું તાજું તેલ
RANI GOLD FILTERED GROUNDNUT OIL
નેચરલ હી સહી હૈ
Since 1979
✔ ઉચ્ચ ગુણવત્તા યુક્ત ચૂંટેલી મગફળીમાંથી બનાવવામાં આવે છે.
✔ કોઈપણ પ્રકારનાં કેમિકલ પ્રોસેસીંગ વગર તૈયાર થાય છે.
✔ MUFAનું ઉચ્ચ પ્રમાણ – ગુડ કોલેસ્ટેરોલ વધારે અને બેડ કોલસ્ટેરોલ ઘટાડે છે.

## શ્રધ્ધાંજલી / બેસણું



**સ્વ.દડુભાઇ લખુભાઇ ધાધલ (ઉ.વ.૬૭)**
સ્વ.તા.૧૩-૦૧-૨૦૨૪ શનિવાર

પ્રેમથી બેટા કહેનાર હવે નહી મળે, દુઃખોમાં વડલાસમી છાયા હવે નહી મળે,
કોને કહીએ અંતરની વાત સાંભળનાર હવે નહી મળે,પહેલા આંસુ આવે તો તમો દોડી આવતા હતા,
અત્યારે તમો યાદ આવો છો ને આંસુ દોડી આવે છે.
પરમ કૃપાળુ સુર્યનારાયણદેવ આપના દિવ્ય આત્માને શાંતી અર્પે એજ પ્રાર્થના..

**સદગતનું બેસણું**
તારીખ : ૧૮-૦૧-૨૦૨૪ ને ગુરૂવારનાં રોજ
સમય : સાંજે ૪:૦૦ થી ૬:૦૦ કલાકે
સ્થળ : બ્રાહ્મણ સોસાયટી, સ્વામિનારાયણ નગર - ૧, અમરેલી

સદગતની દશા વિધી સંવંત ૨૦૮૦ પોષ સુદ ૧૩ ને મંગળવાર તા.૨૩-૦૧-૨૦૨૪ તથા ઉતરક્રિયા (પાણીઢોળ) સંવંત ૨૦૮૦ પોષ સુદ ૧૪ ને બુધવાર તા.૨૪-૦૧-૨૦૨૪ ના રોજ અમારા નિવાસ સ્થાને રાખેલ છે.

લી.
ડો.દિલીપભાઇ દડુભાઇ ધાધલ
હરપાલભાઇ દડુભાઇ ધાધલ (પુર્વ વિરોધપક્ષના નેતા નગરપાલિકા અમરેલી)
ડો. જયદીપભાઇ દડુભાઇ ધાધલ
ધાધલ પરિવારના જય સુર્યદેવ (વરસડાવાળા) - અમરેલી

પ્રવેશ જાહેરાત 2024/25
જવાહર નવોદય & સૈનિક સ્કૂલ તાલીમ વર્ગ
પ્રવેશ પરીક્ષાની તૈયારી હોસ્ટેલ સાથે
હોસ્ટેલ ભાઇઓ તથા બહેનો માટે
ધો. 3,4,5,6,7,8 માટે પ્રવેશ શરૂ.....
ગુજરાતની નંબર 1 સંસ્થા
અમરેલી
લાઠી રોડ,બાયપાસ ચોકડી પાસે
ટયુશન કલાસ સ્કૂલનું શિક્ષણ સૈનિક સ્કૂલ સાથે
● સૈનિક સ્કૂલ
● જ્ઞાનશક્તિ સ્કૂલ
● રક્ષાશક્તિ
● મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ (CET)
રોહિત જોષી
Mo.94294 33031, 9067 606698
રજીસ્ટ્રેશન કરાવવુ ફરજીયાત : 94294 33031

અવધ ટાઇમ્સ કાર્યાલય
જોઇએ છે
અવધ ટાઇમ્સ કાર્યાલયમાં જાહેર ખબર વિભાગમાં અમરેલી સીટીમાં છુટક ઉઘરાણી કરી શકે તેવા ઉત્સાહી નવયુવાનની જરૂર છે
માત્ર સ્થાનિક લોકોએ જ રૂબરૂ સંપર્ક કરવો
લાયકાત મુજબ આકર્ષક પગાર આપવામાં આવશે
સંપર્ક સમય : સવારે ૧૧ થી ૦૧
ગીરધરવાવ શોપીંગ સેન્ટર,
હેડ પોસ્ટ ઓફીસ સામે, અમરેલી

Swara Skin/Hair/Laser Clinic
Dr. Chirag Vamja
M.D. (Skin & VD)
ઉપલબ્ધ સુવિધાઓ
● હેર ટ્રાન્સપ્લાન્ટ
● લેસર હેર રીમુવલ
● એન્સ ટ્રીટમેન્ટ
● વીટીલીગો ટ્રીટમેન્ટ
● વોર્ટસ એન્ડ સ્કીન ટેગ રીમુવલ
● હેરફોલ ટ્રીટમેન્ટ
● કેમીકલ પીલ
● હાઇડ્રા ફેસીઅલ
● પીઆરપી ટ્રીટમેન્ટ
સ્વરા સ્કીન/હેર/લેસર કલીનીક
C/o કલરવ હોસ્પિટલ, કેરીયા રોડ, રેલ્વે ફાટક પાસે, ઇનકમટેક્ષ ઓફીસ પાસે, અમરેલી - ૩૬૫૬૦૧.
મો.૯૨૬૫૧ ૦૭૬૯૮

મારૂતિ ક્લિનિક
ડો.આકાશ આર.જાવિયા B.H.M.S.(C.C.H.)
ડો.હિના એ.જાવિયા B.A.M.S.,M.E.T.C.
રાજકોટની ખ્યાતનામ હોસ્પિટલમાં ૬ વર્ષથી વધુ કામ કરવાના અનુભવી - નિષ્ણાંત તબીબ
પેટના રોગો
ગેસ - એસીડીટી, વારંવાર મોઢુ આવી જવુ, ઉલ્ટી - ઉબકા થવા, પીત - કબજીયાત, લીવરનો સોજો, પેટ ફુલવુ - પેટનો દુઃખાવો, અપચો રહેવો, પિતાશયની પથરી, ભુખ ન લાગવી, હરસ - મસા
E.C.G. (કાર્ડિયોગ્રામ) ની સુવિધા ઉપલબ્ધ / ડાયાબીટીસ / બી.પી. / કોલેસ્ટ્રોલ
સમય : સવારે ૯:૩૦ થી ૧:૩૦, સાંજે ૪:૦૦ થી ૭:૦૦
દુ.નં.૧૦, લાઇફ લાઇન કોર્નર, માણેકપરા, મેઇન રોડ, નારી હોસ્પિટલની સામે, અમરેલી
મો.૯૬૬૨૬ ૩૫૧૨૪

બાલમુકુંદ જ્વેલર્સ
આજનો ૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
૫૫,૫૯૦/-
(૧૦ ગ્રામ)
અમરેલી
વધુ માહિતી માટે - ૬૩૫૨૪ ૩૧૩૬૬

ડો. ભગીરથ બી. વાળા
B.D.S. (ડેન્ટલ સર્જન)
PGDCC (કોસ્મેટીક)
FAD (એસ્થેટીક)
Divy
+91 84600 38303
અર્થ દાંતની હોસ્પિટલ
કોસ્મેટીક & ઈમ્પ્લાન્ટ સેન્ટર
જડબામાં સ્ક્રૂ વડે ફિક્સ દાંત / ચોકઠાના નિષ્ણાંત
ઉપલબ્ધ સારવાર :
સડી ગયેલ દાંતને બચાવવાની સારવાર.
દાંતને વધુ સડતો અટકાવવાં દાંતના કલરનું ફીલીંગ.
દાંતમાંથી નીકળતા લોહી, મોઢાની દુર્ગંધ તેમજ પાન-મસાલાનાં દાગને દુર કરવા માટે દાંતની સફાઇ.
પાણીનાં દાગ તેમજ પીળા પડી ગયેલ દાંત માટે બ્લીચીંગ.
દાંતની બત્રીસી (બધા જ દાંતનું ચોકઠું)
દાંત પર લગાવાતું કવર-કેપ (મેટલ તેમજ સીરામીક)
દુઃખાવા વગર દાંત કાઢવાની સુવિધા.
નાના બાળકોના તમામ દાંત અને પેઢા
ઓછા ખુલતા મોઢાની સારવાર.
પેઢાની સર્જરી.
પહેલો માળ, રાજકમલ ચોક, ઠાકરથાળ સામે, અમરેલી.

## કેન્દ્રીય મંત્રીશ્રી પરશોતમભાઇ રૂપાલાએ અમરેલી ખાતે પત્રકાર પરિષદમાં આપેલી વિગતો

# જિલ્લામાં સાંસદ સાંસ્કૃતિક સ્પર્ધા, ખેલ સ્પર્ધા યોજાશે

### જિલ્લાના વિદ્યાર્થીઓ યુવાનો અને નાગરિકો માટે સાંસ્કૃતિક સ્પર્ધા અને ખેલ સ્પર્ધાનું આયોજન

### જિલ્લાના વિજેતા થનાર કલાકારોને આગામી મહા શિવરાત્રી નિમિત્તે સન્માનિત કરવા આયોજન કરાયું

### સ્પર્ધામાં ભાગ લેવા માટે ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૨૦ અને ૨૧ : તાલુકા જિલ્લા બાદ રાજયકક્ષાએ સ્પર્ધાઓ

### અમરેલી તાલુકામાં ૨૧ સાંસ્કૃતિક સ્પર્ધાનું ત્રણ વય જુથમાં અલગ-અલગ આયોજન : પ્રોત્સાહિત કરાશે




અમરેલી ,ભારત સરકારના મત્સ્યપાલન,પશુપાલન તથા ડેરી વિભાગના કેન્દ્રીય મંત્રીશ્રી પરશોતમભાઈ રૂપાલાએ અમરેલી ખાતે પ્રેસ કોન્ફરન્સને સંબોધી હતી. મંત્રીશ્રીએ અમરેલી જિલ્લામાં યોજાનાર સાંસદ ખેલ સ્પર્ધા' અને 'સાંસદ સાંસ્કૃતિક સ્પર્ધા' વિશે વિગતો આપી હતી. કેન્દ્રીય મંત્રીશ્રી પરશોતમભાઈ રૂપાલાએ જણાવ્યુ કે, અમરેલી જિલ્લાના રમતવીરો માટે વિવિધ રમતોમાં અલગ-અલગ વયજૂથ માટે તાલુકાકક્ષાએ સાંસદ ખેલ સ્પર્ધા યોજાશે. તાલુકાકક્ષાની આ સ્પર્ધાઓ પૂર્ણ થયેથી અમરેલી જિલ્લાકક્ષાએ સ્પર્ધા યોજાશે. વિવિધ સ્પર્ધાઓના જિલ્લાકક્ષાના વિજેતા ખેલાડીઓને મંત્રીશ્રી તથા મહાનુભાવોના હસ્તે સન્માનિત કરવામાં આવશે. અમરેલી જિલ્લાના રમતવીરો માટે પ્રથમ વખત યોજાઈ રહેલા આ સાસંદ ખેલ સ્પર્ધામાં અમરેલી જિલ્લાના વધુમાં વધુ રમતવીરો ભાગ લે તે માટે જિલ્લા રમત વિકાસ અધિકારી, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, કચેરી અમરેલી દ્વારા વિશેષ આયોજન કરી તાલુકાદીઠ કન્વીનરશ્રીની નિમણુક કરવામાં આવી છે. તાલુકાકક્ષાએ આગામી તા.૨૨ જાન્યુઆરી, ૨૦૨૪ થી તા.૧૦ ફેબ્રુઆરી, ૨૦૨૪ સુધી ફોર્મ ભરવા અંગેની કામગીરી શરુ રહેશે. ફેબ્રુઆરી-૨૦૨૪ દરમિયાન તા.૧૫મીએ સાંસદ ખેલ સ્પર્ધા અમરેલી તાલુકા કક્ષાની સ્પર્ધાઓનો ભવ્ય શુભારંભ થશે અને જિલ્લાકક્ષાની સ્પર્ધાઓ તા.૨૦મીથી યોજાશે, જેમાં કબડ્ડી, વોલીબોલ, ખો-ખો, ચેસ, રસ્સા ખેંચ, યોગાસન સહિતનો સમાવેશ થાય છે. સાંસદ ખેલ સ્પર્ધાનો મુખ્ય ઉદ્દેશ્ય અમરેલી જિલ્લાના રમતવીરોમાં રહેલા સુષુપ્ત શક્તિઓને બહાર લાવવા, ખેલકૂદની પ્રતિભાઓ શોધી તેમને યોગ્ય તક આપવા માટે તથા રમતવીરોના સર્વાંગી વિકાસ અર્થે સમગ્ર અમરેલી જિલ્લામાં રમતગમતના વાતાવરણનું નિર્માણ કરવાનો છે. આ સાંસદ ખેલ સ્પર્ધામાં રમતવીરો બહોળી સંખ્યામાં ભાગ લે તે હેતુથી અમરેલી જિલ્લામા સૌ પ્રથમ તમામ તાલુકાકક્ષાએ વિવિધ ૭ રમતોનું અલગ અલગ ૨ (બે) વયજૂથમાં આયોજન છે.તાલુકાકક્ષાએ વિવિધ વયજૂથ મુજબ પ્રથમ ક્રમે મેળવનાર વિજેતા રમતવીરો વચ્ચે જિલ્લાકક્ષાએ ૭ રમતોનું આયોજન થશે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યુ હતુ. વધુમાં મંત્રીશ્રીએ કહ્યુ કે, 'સાંસદ સાંસ્કૃતિક સ્પર્ધા'માં બહોળી સંખ્યામાં કલાકારો ભાગ લે તેમને માધ્યમ મળી રહે તે ઉદ્દેશ્ય સાથે વિવિધ ૨૧ સાંસ્કૃતિક સ્પર્ધાઓ ત્રણ વયજૂથમાં યોજવામાં આવશે. ગરબા, રાસ, સમૂહગીત, ભજન, લોકગીત, લગ્નગીત, સુગમ સંગીત, લોકવાર્તા, દુહા, છંદ, ચોપાઈ, તબલા, હાર્મોનિયમ, શાસ્ત્રીય નૃત્ય, ધોળ, હાલરડા, શરણાઈ, મંજીરા, રામસાગર, બેન્જો, ઢોલ(લોકવાદ્ય), પ્રભાતિયા, વાંસળી સહિતનો સમાવેશ કરાવમાં આવ્યો છે. તાલુકા ક્ક્ષાએ કન્વીનરની નિમણુક કરવામાં આવી છે. આગામી તા.૨૧ જાન્યુઆરી, ૨૦૨૪થી શરુ કરી તા.૨૪ જાન્યુઆરી, ૨૦૨૪ સુધીમાં આ સ્પર્ધાઓ પૂર્ણ કરવામાં આવશે.મંત્રીશ્રી રૂપાલાએ તેમની સાગર પરિક્રમા યાત્રાના અનુભવો જણાવ્યા હતા.પત્રકાર પરિષદમાં સાસંદશ્રી નારણભાઈ કાછડીયા, નાયબ મુખ્ય દંડકશ્રી કૌશિકભાઈ વેકરિયા, ઈફકોના ચેરમેન અને પૂર્વ મંત્રીશ્રી દિલીપભાઈ સંઘાણી, મહાનુભાવો અને વિવિધ ક્ષેત્રના અગ્રણીશ્રીઓ અને પત્રકારશ્રીઓ સહિતના ઉપસ્થિત રહ્યા હતા. આ સ્પર્ધાનું સમસ્ત આયોજન શ્રી કેતન કાનપરીયાની ટીમ સંભાળી રહી છે.

## સાંસદ સાંસ્કૃતિ અને ખેલ સ્પર્ધાની વિગતો


અમરેલી, (કેતન કાનપરીયા)

અમરેલી જિલ્લાના રહેવાસીઓ માટે પ્રથમ વખત યોજાઈ રહેલા આ સાંસદ સાંસ્કૃતિક સ્પર્ધા નો અમરેલી જિલ્લાના રહેવાસીઓ વધુ ને વધુ લાભ લે એ આવકાર્ય છે. આ બાબતે અમરેલી જિલ્લા પ્રસાશન તથા જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, અમરેલી દ્વારા દરેક તાલુકામાં કન્વીનરની નિમણુંક કરવામાં આવી છે. તેમજ દરેક તાલુકામાં તા. ૧૧/૦૧/૨૦૨૪થી ફોર્મ ભરવાનું શરુ થઈ ગયું છે તેમજ ફોર્મ ભરવાની છેલ્લી તા. ૨૦/૦૧/૨૦૨૪ છે. આ સાંસદ સાંસ્કૃતિક સ્પર્ધાનો તા. ૨૧/૦૧/૨૦૨૪ ના રોજ અમરેલી તાલુકા કક્ષાની સ્પર્ધાઓ દ્વારા ભવ્ય શુભારંભ થશે. આ સાંસદ સાંસ્કૃતિક સ્પર્ધામાં બહોળી સંખ્યામાં કલાકારો સ્પર્ધકો ભાગ લે એ હેતુથી સૌપ્રથમ અમરેલી જિલ્લામાં તમામ તાલુકા કક્ષાએ કુલ ૨૧ (એકવીસ) વિવિધ સાંસ્કૃતિક સ્પર્ધાઓનું ૩(ત્રણ) વયજુથમાં આયોજન કર્યું છે અને ત્યાર બાદ તમામ તાલુકા કક્ષાએ કુલ ૨૧ (એકવીસ) વિવિધ સાંસ્કૃતિક સ્પર્ધાઓમાં અલગ અલગ ૩;/ત્રણ) વયજુથ મુજબ પ્રથમ ક્રમ મેળવનારા વિજેતા કલાકારો વચ્ચે જિલ્લા કક્ષાએ વિવિધ સાંસ્કૃતિક સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવશે. આ સાંસદ સાંસ્કૃતિક સ્પર્ધામાં નીચે મુજબના ૩ (ત્રણ) વયજુથમાં કુલ ૨૧ (એકવીસ) વિવિધ સાંસ્કૃતિક સ્પર્ધાઓ સમાવેશ કરી ભાઈઓ-બહેનો માટે વિવિધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવશે. વયજૂથ કમ વિભાગ જન્મતારીખથી જન્મેલ (૧ )૮ વર્ષથી ૧૬ વર્ષ સુધીના ૦૧/૦૧/૨૦૦૮ થી ૩૧/૧૨/૨૦૧૫ ના રોજ જન્મેલા (૨) ૧૬ વર્ષથી ઉપર અને ૩૫ વર્ષ ૦૧/૦૧/૧૯૮૯થી ૩૧/૧૨/૨૦૦૭ના રોજ સુધીના જન્મેલા(૩) ૩૫ વર્ષથી ઉપરના તમામ ૩૧/૧૨/૧૯૮૮ પહેલા જન્મેલા (ઓપન વય જૂથ) દરેક તાલુકામાં તા. ૧૧/૦૧/૨૦૨૪ થી રજીસ્ટ્રેશન (ઓફ લાઈન) ફોર્મ ભરવાનું શરુ થઈ ગયું છે તેમજ ફોર્મ ભરવાની છેલ્લી તા. ૨૦/૦૧/૨૦૨૪ છે. આ સાંસદ સાંસ્કૃતિક સ્પર્ધાનો તા. ૨૧/૦૧/૨૦૨૪ ના રોજ અમરેલી તાલુકા કક્ષાની સ્પર્ધાઓ દ્વારા ભવ્ય શુભારંભ થશે અને તા. ૨૧/૦૧/૨૦૨૪થી જ તમામ તાલુકામાં આ સ્પર્ધાઓનો શુભારંભ થશે. આ સાંસદ સાંસ્કૃતિક સ્પર્ધામાં કુલ ૨૨૧ (એકવીસ) વિવિધ સાંસ્કૃતિક સ્પર્ધાઓ અલગ-અલગ ત્રણ વયજૂથ મુજબ રાખવામાં આવી છે. આ તમામ સ્પર્ધાઓ તાલુકા કક્ષાએથી જ શરુ થશે. આ સ્પર્ધાઓના નામ આ મુજબ છે. ૧. ગરબા, ૨. રાસ, ૩. સમૂહગીત, ૪. ભજન, ૫. લોકગીત, ૬. લગ્નગીત, ૭. સુગમ સંગીત, ૮. લોકવાર્તા, ૯ દુહા-છંદ-ચોપાઈ, ૧૦. તબલા, ૧૧. હાર્મોનિયમ, ૧૨. શાસ્ત્રીય નૃત્ય - કથ્થક, ૧ ૩. ધોળ, ૧૪. હાલરડાં, ૧૫. શરણાઈ, ૧૬. મંજીરા, ૧૭. રામસાગર, ૧૮. બેન્જો, ૧૯. ઢોલ(લોકવાદ્ય), ૨૦. પ્રભાતિયા, ૨૧. વાંસળી વાદનમાં ભાગ લઈ શકશે તે માટે જિલ્લાવાયસ કન્વીનરોની નિમણુંક કરાવામાં આવી છે. અમરેલી દીપક હાઈસ્કૂલ, અમરેલી શ્રી અશરફભાઈ પરમાર ૨૧/૦૧/૨૦૨૪, લીલીયા શ્રી અમૃતબા હાઈસ્કૂલ, લીલીયા શ્રી હસમુખભાઈ કરડ ૨૪/૦૧/૨૦૨૪, લાઠી શ્રીમતિ એન.એચ.સંઘવી કન્યા વિદ્યાલય, લાઠી શ્રી દર્શનાબેન ગીડા ૨૪/૦૧/૨૦૨૪, બાબરા જ્ઞાનજ્યોત વિદ્યાલય, વાંડળીયા શ્રી હરેશભાઈ વડાવીયા ૨૫/૦૧/૨૦૨૪, કુંકાવાવ શ્રી સુરગવાળા સાર્વજનિક હાઈસ્કૂલ, વડીયા શ્રી એમ. જી. મોરી ૨૪/૦૧/૨૦૨૪, બગસરા શ્રીમતિ એલ.કે. બાબરીયા હાઈસ્કૂલ, હામાપુર શ્રી વિપુલભાઈ ભટ્ટ ૨૩/૦૧/૨૦૨૪, ધારી શ્રી જી.એન. દામાણી હાઈસ્કૂલ, ધારી શ્રી માનસિંહભાઈ બારડ ૨૩/૦૧/૨૦૨૪, ખાંભા જે. એન. મહેતા હાઈસ્કૂલ, ખાંભા શ્રી અજીતસિંહ ગોહિલ ૨૪/૦૧/૨૦૨૪, રાજુલા બાલક્રિશ્રા વિદ્યાપીઠ, રાજુલા શ્રી રમેશભાઈ ડેરવાળીયા ૨૧/૦૧/૨૦૨૪, જાફરાબાદ પારેખ અને મહેતા હાઈસ્કૂલ, જાફરાબાદ શ્રી વિમલભાઈ અગ્રાવત ૨૩/૦૧/૨૦૨૪, સાવરકુંડલા શ્રી સ્વામિનારાયણ ઈંગ્લીશ મીડીયમ સ્કૂલ, સાવરકુંડલા શ્રી દીપકભાઈ વાળા ૨૩/૦૧/૨૦૨૪ દરેક તાલુકા કક્ષાએ તાલુકા કન્વીનરની નિમણૂક કરવામાં આવી છે. આથી જે તે તાલુકાના કલાકારોને પોતાનું ઓફલાઈન અરજીફોર્મ જે તે તાલુકાનાં કન્વીનરશ્રીઓને પહોચાડવાનું રહેશે. આ સાંસદ સાંસ્કૃતિક સ્પર્ધા-અમરેલીની વિગતવાર માહિતી, અરજી ફોર્મ, નિયમો વગેરે જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરીના બ્લોગ એડ્રેસ dydoanreli.blogpost.com પરથી અથવા જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, બહુમાળી ભવન, પ્રથમમાળ, બ્લોક-સી, રૂમ નં. ૧૧૦/૧૧૧ માંથી પણ મેળવી શકાશે.

## પુંજાબાપુ ગોશાળા ખાતે રુદ્રગણની અનેરી ગૌસેવા

# રાજુલામાં લોકમેળાની આવક ગૌશાળાને અર્પણ

### ગઈ રાત્રે કુલ ૧૬.૫૦ લાખ રૂપિયા દાતાઓ તરફથી દાન રોકડ મળ્યું તે ગૌશાળાને અર્પણ કર્યુ



રાજુલા, (કનુભાઈ વરૂ)રાજુલા ખાતે લુલી-લંગડી-અપંગ તથા કેન્સરગ્રસ્ત ગાયોની સેવા પૂંજાબાપુ ગૌશાળા કરી રહી છે ૭૦૦ જેટલી ગાય છે જેમાં એક પણ ગાય દૂધની નથી તમામ ગાય ખોટખાપણ વાળી છે દરરોજ નો ખર્ચો ૩૦ હજાર રૂપિયા થાય છે ત્યાં આજરોજ રુદ્રગણ દ્વારા થતા લોકમેળાની આવકમાંથી ૧૨.૧૨/-લાખ (અંકે.બાર લાખ બાર હજાર પુરા)નો ચેક અર્પણ કાર્યક્રમમાં ધારાસભ્ય હીરાભાઈ સોલંકીના પ્રતિનિધિ તરીકે ભાવેશભાઈ સોલંકીએ હાજરી આપી હતી દર વર્ષે રુદ્ર ગણ દ્વારા મોટું દાન આપવામાં આવે છે સાથે રાજુલા ખાંભા ખરીદ વેચાણ સંઘ દ્વારા ૬૮૫૦૦/- (અંકે અડસઠ હજાર પાંચસો પુરા) તેમજ માર્કટીંગ યાર્ડ દ્વારા ચેકનું અર્પણ છઁસ્ભ ચેરમેન જીજ્ઞેશભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું તેમજ ૧,૫૧,૦૦૦ જયરાજભાઈ મંગળભાઈ વરુ આવ્યા ત્રણ લાખ રૂપિયા અને વકિલ મંડળ તરફથી ૬૫ હજાર તેમજ અન્ય વ્યક્તિઓ પાસેથી આવ્યા હતા આમ ગઈ સાંજ સુધીનો ફાળો ૧૬ લાખ થયો હતો અને વિકલાંગ મહિલાને સાયકલ અર્પણ કરવામાં આવી હતી. આ તકે તાલુકા પંચાયત પ્રમુખ પ્રતિનિધિ નનકાદાદા પુરોહિત બકુલભાઈ વોરા મનુભાઈ ધાખડા રાજુભાઈ ચેમ્બરના પ્રમુખ ગૌરાંગભાઈ મહેતા સમુહખેતી રમેશભાઈ વસોયા સાગરભાઈ સરવૈયા આણદુભાઈ ધાખડા કાનાભાઈ તલાટી કાનાભાઈ ગોહિલ સંદીપભાઈ લાખણોત્રા સંજયભાઈ ધાખડા મહેન્દ્રભાઈ ધાખડા જયરાજભાઈ વરુ પ્રીતેશ મહેતા ભાવેશ શિયાળ જયગીરી ગોસ્વામી ઉદયભાઈ ધાખડા સાવલિયાભાઈ સંઘ તથા યાડના યાર્ડના સેક્રેટરી કનુભાઈ ચિરાગભાઈ ઉપાધ્યાય રુદ્રગણ સભ્યો વનરાજભાઈ ધાખડા રાકેશભાઈ દેસાઈ ધવલ દુધરેજીયા અજયભાઈ ધાખદ ૪ પરેશભાઈ લાડુમોર સર્વે સમાજના આગેવાનો રુદ્રગણ ગ્રુપના સભ્યો શહેરીજનો વેપારીઓ ઉપસ્થિત રહ્યા હતા.. આ પ્રસંગે મેનેજર એ સર્વનો આભાર દર્શન માન્યો હતો.

## કેન્દ્રીય મંત્રીશ્રી રૂપાલાની ઉપસ્થિતિમાં

# તરવડા ગુરૂકુળમાં મકરસક્રાંતિ મહોત્સવ યોજાયો

### સાંસદશ્રી નારણભાઇ કાછડીયા, નાયબ દંડક શ્રી કૌશિકભાઇ વેકરીયાની ઉપસ્થિતી



અમરેલી,

તા. ૧૪/૧/૨૦૨૪ ના રોજ તરવડા ગુરુકુલમાં યોજાયેલ મકરસંક્રાતિ મહોત્સવમાં કેન્દ્રીય મંત્રીશ્રી પુરુષોત્તમભાઈ રૂપાલા, ગુરુકુલ સંસ્થાના મહંત સ્વામી, સંચાલક શ્રી કૃષ્ણપ્રિયદાસજી સ્વામી, સાંસદશ્રી નારાયણભાઈ કાછડીયા, નાયબ દંડકશ્રી કૌશિકભાઈ વેકરીયાના વરદ્ હસ્તે વિવિધ ક્ષેત્રના તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ કરાયું હતું. જેમાં સંપૂર્ણ ગીતાના ૭૦૦ શ્લોક કંઠસ્થ કરનાર અને સભામાં પૂછાયેલ તમામ શ્લોકને સચોટ રીતે રજુ કરનાર ધો- ૯ના વિદ્યાર્થી ધ્યેય બાબરીયા ઉપર રૂપાલા સર વિશેષ પ્રસન્ન થયા હતાં. આ ઉપરાંત ધારદાર શૈલીમાં હિન્દુત્વ અને ગુરુકુલ શિક્ષણ વિષય પર પ્રવચન આપનાર વિદ્યાર્થી મોરડીયા નિશાંત અને પીઠડીયા જીલથી તેઓ પ્રભાવિત થયા હતાં. આ પ્રસંગે વિશેષ કલા મહાકુંભ તથા ખેલ મહાકુંભની વિવિધ સ્પર્ધાઓ જેવી કે સમૂહ ગીત, રાસ, હાર્મોનિયમ, મૃદંગ, વોલીબોલ, બાસ્કેટ બોલ, બેડમિન્ટન, જુડો વગેરેમાં જિલ્લા કક્ષાએ પ્રથમ આવનાર ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતાં.

# વડીયાના બરવાળા બાવળ ગામે વૃદ્ધાને આખલાએ હડફેટે લીધા

### ગંભીર હાલતમાં જુનાગઢ ખસેડવામાં આવ્યા



વડિયા, (ભીખુભાઈ વોરા)વડિયા તાલુકાના બરવાળા બાવળ ગામે આંબેડકર નગરમાં રહેતા ૮૫ વર્ષીય નાથીબેન પડાયા ઘરેથી બહાર નીકળતા હેઠવાસો નાખવા જતા સર્જાઈ દુર્ઘટના બની હતી. આખલાએ હડફેટે લેતા વૃદ્ધાને શરીરે પેટ અને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. પ્રથમ વડીયા બાદ જેતપુર સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે ખસેડાયા હતા. મોટા શહેરો થી લઈ નાના ગામડાઓમાં આખલાઓના આતંકની ઘટનામાં વધુ એક થયો ઉમેરો હતો. વૃધાને પેટના ભાગે ગંભીર ઈજાઓ થતા જેતપુરથી જૂનાગઢ રીફર કરાયા હતાં.

## વૃંદાવન ગૌ સેવા ટ્રસ્ટ એનીમલ હેલ્પલાઇન અને અમરેલી જિલ્લા ગૌ સંવર્ધન સેલ ભાજપ દ્વારા

# કરૂણા અભિયાન ૨૦૨૪ ની કામગીરીનો શ્રી કૌશિક વેકરીયા દ્વારા શુભારંભ કરાયો

### શ્રી દિલીપભાઇ સંઘાણી, શ્રી જયંતિભાઇ પાનસુરીયા સહિતની ઉપસ્થિતિ



અમરેલી, દર વર્ષની જેમ આ વર્ષે પણ અમારી સંસ્થા તેમજ ગૌ સંવર્ધન સેલ અમરેલી જિલ્લા દ્વારા કરુણા અભિયાન યોજાયો જેમાં સહકારી આગેવાન અને અમરેલી જિલ્લાનું ગૌરવ એવા ર્કબ ચેરમેન શ્રી દિલીપભાઈ સંઘાણી સાહેબ જિલ્લા ખરીદ વેચાણ સંઘના જયંતીભાઈ પાનસુરીયા જિલ્લા મહામંત્રી ભુપેન્દ્રભાઈ બસીયા મેહુલભાઈ ધોરાજીયા શહેર ભાજપ પ્રમુખ સોઢા નગરપાલિકાના દંડક શ્રી દીલાભાઈ વાળા, હરિભાઈ ફોરેસ્ટ વિભાગના એસીએફ એમ યુ શેખ આર એફ ઓ જે એસ ખાખસ મેડમ, , પશુપાલન વિભાગના ડી એચ ઓ કુનડીયા, ફોરેસ્ટર આર.કે જાની, રૂબીન બેન ,જે.બી સરવૈયા એનપી સોલંકી ,ફોરેસ્ટ ગાર્ડ વીડી મકવાણા, વી.પી જોશી, જે.ડી ચૌહાણ, વૃંદાવન ગૌ સેવા ટ્રસ્ટ કરુણા અભિયાનના સંયોજક તેજસ નિમાવત , વૃંદાવન ગૌ સેવા ટ્રસ્ટ ના ડો.પીયુસભાઈ. ડો. અખીલભાઈ તેમજ સભ્યો પાર્થ ભાઈ, આદિત્ય ભાઈ ,હિરેનભાઈ આશિષભાઈ, રવિભાઈ, અજયભાઈ સાહિલ ભાઈ પ્રવીણભાઈ ,અમરેલી શહેરના જીવ દયા પ્રેમી લોકો કરુણા પક્ષી બચાવો અભિયાનને સફળ બનાવવા મદદરૂપ થનાર ફોરેસ્ટ વિભાગની ટીમ તેમજ પશુપાલન વિભાગની ટીમ ,મીડિયા ટીમ સહયોગ કર્યો હતો.

પ્લોટ અરજન્ટ વેચવાનો છે
ઘનશ્યામ - શ્રીનાથ - શિવલીલા
રામાણી - અમીધારામાં ખુલ્લા પ્લોટ
૧ વસા (૧૪૨ વાર) ના પ્લોટ
માત્ર રૂા.૮ લાખ
સંપર્ક : લાભમ્ પ્રોપર્ટીઝ
મો.૯૪૨૮૯ ૭૦૯૫૪, ૯૪૨૮૮ ૮૮૦૯૮

શુધ્ધતામાં શ્રેષ્ઠ સ્વાદમાં સર્વશ્રેષ્ઠ
મકરસંક્રાંતની મજા અવનવી વેરાયટીઓથી ભરપુર ટેસ્ટફુલ
ડ્રાયફ્રુટ શિખંડ, વેનીલા શિખંડ, પાઇનેપલ શિખંડ, એલચી શિખંડ, મેંગો શિખંડ, કેસર શિખંડ, બટર સ્કોચ શિખંડ, સ્ટ્રોબેરી શિખંડ
તેમજ દુધમાંથી બનાવેલી અવનવી મીઠાઇઓનો ખજાનો
શુધ્ધ સિંગતેલમાં બનાવેલ તાજુ ફરસાણ
ફરાળી વાનગીઓની વિવિધ રેંજ
અવધ ડેરીફાર્મ
સ્ટેશન રોડ, લક્ષ્મીનારાયણ મંદિર સામે, અમરેલી ફોન : ૨૨૦૦૫૨

અમરેલીનું ગૌરવ
હોટલ રોયલ ફોરચ્યુન
રૂમ્સ એન્ડ કોફીબાર
A/C રૂમ એન્ડ નોન A/C રૂમ
મેરેજ એનિવર્સરી
બર્થડે પાર્ટી
પાર્ટી હોલ
ફર્સ્ટનાઇટ બુકીંગ
માત્ર
રૂા.૯૯૯/- માં
કેરીયારોડ બાયપાસ, એમેજોન સોસાયટીની સામે, અમરેલી
સંપર્ક : ૯૫૩૭૫ ૦૨૭૭૫, ૭૫૬૭૩ ૪૪૦૯૧

FASTag
Easy to Cruise
દરેક વાહનોના ફાસ્ટેગ કઢાવવા માટે મળો
વધુ માહિતી માટે આજે જ સંપર્ક કરો
મિતુલ ટ્રેડર્સ
નાગનાથ મંદિર પાસે, નાગનાથ કોમ્પલેક્ષ, અમરેલી મો.૯૦૩૩૨ ૬૦૦૫૨

દુકાન વેચવાની છે
જુના માર્કેટયાર્ડની અંદર,
હોટલ એન્જલવાળા બિલ્ડીંગમાં પહેલા માળે
દુકાન નં.F 61 20 X 8.5 ફુટ
લંબાઇ પહોળાઇ વાળી દુકાન વેચવાની છે
દલાલ ભાઇઓ આવકાર્ય
સંપર્ક : મો.૮૮૬૬૦ ૪૦૮૨૮

મહાદેવ ટ્રાવેલ્સ
ધારી, સાવરકુંડલા, અમરેલી થી મુંબઇ
ડેઇલી સર્વિસ
AC 2 x 1 તેમજ નોન AC સર્વિસ ન્યુ બ્રાન્ડ બસ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ છે
અમરેલી : જુના માર્કેટયાર્ડની અંદર, લાપીનોઝ પીઝાની બાજુમાં
પિન્ટુ તળાવીયા : મો.૭૦૪૬૪ ૬૪૪૧૦

AVADH TIMES DAILY
સત્યમેવ જયતે
અવધ ટાઈમ્સ
તા.૧૬-૧-૨૦૨૪ મંગળવાર

# ભાજપ હવે નવી પસંદગીના નેતાઓમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘને કેમ ચાલાકીથી અવગણે છે..?

ભાજપને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પડછાયાથી દૂર લઈ જવાનું કામ આસાન નથી. આ એક જિનેટિકલ ફાઈટ છે અને બધા માટે જરૂરી નથી કે સમજાય. જ્યારથી મોદીએ ભાજપનું સુકાન સંભાળ્યું છે ત્યારથી પક્ષના બંધારણમાં અને વિચારધારામાં સતત પરિવર્તન ચાલુ રાખ્યું છે. વડાપ્રધાન થયા પછી પણ પોતાના મહત્નિર્ણયોને સમય સાથેના રિલેવન્સથી તેમણે જોખી-પ્રમાણીને તેમણે ટાઈમ એલિમેન્ટનો રાજવિદ્યાવિનિયોગ તો કર્યો છે પરંતુ હજુય તેમના પોતાનામાં સંઘના પડઘા પડતા રહ્યા છે.

સંઘના પ્રભુત્વથી મુક્ત રહેવું અને સંઘની મદદથી જ સત્તામાં ટકી રહેવું આ દ્વિદળીય કૌશલ નરેન્દ્ર મોદી જાણે છે. હવે તેમણે પોતાની રાજકીય કારકિર્દી અસ્તાચળને આરે પહોંચે એ પહેલા નવા એક અધ્યાયની શરૂઆત કરી છે અને એ છે ભાજપમાંથી શક્યતઃ સંઘની બાદબાકી કરવી. અઘરું છે પણ આ નીતિ તેમણે હવે અખત્યાર કરી લીધી છે. ભાજપમાં સંઘનો જ વંશવેલો છે અને નળિયાંથી તળિયા સુધી રહેવાનો છે. પરંતુ સંઘ સિવાયનો ઈતિહાસ ધરાવતા નેતાઓને અગ્રતા મળવા લાગી છે.

ભાજપના આંતરિક સૂત્રો તાજેતરના કેટલાક આશ્ચર્યજનક નિર્ણયો પાછળ હાઈકમાન્ડના ઈરાદા તરફ ઈશારો કરે છે કે તે ઈચ્છે છે કે તે જેને પસંદ કરે તે પોતાને અને ભાજપને એટલા વફાદાર રહે કે સંઘનું તેમના પર ઓછું નિયંત્રણ હોય. ભાજપ શા માટે એક મજબૂત સંગઠન તરીકે ઓળખાય છે તે પ્રશ્નના ઘણા જવાબો આપી શકાય છે. પરંતુ પાર્ટી પાસે સૌથી મુખ્ય તાકાત શિસ્ત હોવાનું કહેવાય છે.

શા માટે? આનો જવાબ આપણે મધ્યપ્રદેશ, રાજસ્થાન અને છત્તીસગઢમાં મુખ્યમંત્રીના નામોની પસંદગી અંગેના પક્ષના તાજેતરના નિર્ણયો પરથી સમજી શકીએ છીએ, જ્યાં પાર્ટીએ ઘણા વરિષ્ઠ નેતાઓને બદલે નવા નામોને પ્રાધાન્ય આપ્યું અને કોઈએ 'ઉફ' પણ કહ્યું નહીં. આ મનઘડંત મોજીલા નિર્ણયો અને ઘટનાઓ દર્શાવે છે કે કેવી રીતે વડાપ્રધાન મોદીએ ભાજપના સંગઠન પર કબજો જમાવ્યો છે. મોજીલા એટલે પોતાને મોજ પડે એવા.

એવું નથી કે ભાજપે અચાનક સંગઠનમાં નેતાઓની વફાદારીનો આટલો મજબૂત આધાર ઉભો કર્યો છે. તેના બદલે, એવું માનવામાં આવે છે કે ઈ. સ. ૨૦૧૪ થી, પીએમ મોદી અને ભાજપે પક્ષના નેતાઓનો વફાદાર આધાર બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. ઘણી વખત મોટા રાજનેતાઓ જનાધાર બનાવવામાં એટલા ડૂબી જાય છે કે પોતાની ભીતરની બધી કેડર ખતમ થઈ જાય છે. ભાજપની આ રણનીતિ સફળ રહી અને પાર્ટીને અલગ-અલગ રીતે તેનો ફાયદો મળ્યો.

લોકસભામાં એક પ્રશ્નનો જવાબ આપતી વખતે કેન્દ્રીય મંત્રી સાધ્વી નિરંજન જ્યોતિએ કહ્યું હતું કે અમારા વડાપ્રધાનથી પ્રેરિત અમારી સરકાર ઘરવિહોણા લોકોને ઘર આપે છે. મને જુઓ, હું એવા પરિવારમાંથી આવું છું જેના માથા પર છત નહોતી. પરંતુ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ જ મારા જેવી વ્યક્તિને અહીં ઊભા રહીને હાઉસિંગ પ્રોજેક્ટ પર પ્રશ્નોના જવાબ આપવાની તક આપી.

કેન્દ્રીય મંત્રીની આ ટિપ્પણી પરથી સમજી શકાય છે કે તેમના નેતાઓને તેમના પ્રત્યે કેવી વફાદારી છે. એક અલગ અને ઊંચા અનુભવની દુનિયામાં મોદી પોતાની પછીની પેઢીને લઈ જઈ રહ્યા છે. એવું માનવામાં આવે છે કે પાર્ટી વધુ પડતો અવાજ કરનાર નેતા પર ધ્યાન આપતી નથી પરંતુ શાંતિથી અને વ્યૂહાત્મક રીતે કામ કરનાર નેતા પર ધ્યાન આપે છે. વડાપ્રધાન મોદી સંગઠનમાં લોકતાંત્રિક ભાવનાને પ્રોત્સાહન આપવાની વાત કરી રહ્યા છે પણ એ ભાવના એમને જ માણવા મળે છે જેઓ દ્વિમુખી હાઈકમાન્ડની કિમ જોંગ સ્ટાઈલને સ્વીકારે.

બીજેપી હેડક્વાર્ટર ખાતે દિવાળી મિલન કાર્યક્રમમાં બોલતા પીએમએ કહ્યું હતું કે, હું માનું છું કે રાજકીય પક્ષોમાં સાચી લોકતાંત્રિક ભાવનાનો વિકાસ માત્ર દેશના ભવિષ્ય માટે જ નહીં પરંતુ લોકશાહી માટે પણ જરૂરી છે. પરંતુ પીએમના આ નિવેદનથી વિપરીત રાજ્ય સરકારોની સત્તા પોતાના હાથમાં લેવા બદલ કેન્દ્રીય નેતૃત્વની ટીકા થઈ રહી છે.

ઘણી બધી બાબતો એવી છે કે જેના નિર્ણયો સંબંધિત મંત્રાલયના વડા તરીકે જે તે પ્રધાનો એ લેવાના હોય પરંતુ એ બધા નિર્ણયો પણ વડાપ્રધાનના કાર્યાલય માંથી લેવામાં આવે છે આમાં કોઈ નવી નવી વાત નથી કારણ કે આ બધું તો આપણા દેશમાં છેક હિન્દી રાજીના સમયથી થતું આવ્યું છે આર્થિક વિકાસના સંદર્ભમાં જેના વારંવાર વખાણ કરવામાં આવે છે તેવા તત્કાલીન વડાપ્રધાન મનમોહન સિંહ પણ લગભગ મંત્રાલયોના મહત્વના નિર્ણયો પોતાની ઈચ્છા પ્રમાણે જ લેવરાવતા હતા.

ત્યારે કોઈને એમાં એકાધિકારવાદ દેખાતો ન હતો. વડાપ્રધાન મોદી જે નિર્ણયો પ્રધાનોને બદલે પોતે લે છે એમાં સતત એકાધિકારનો ડંકો વાગતો રહ્યો છે. હકીકતમાં વિઝન બોર્ડ અને રોડમેપ આ બે વસ્તુ મોદી પોતાના હાથમાં રાખે છે અને દરેક નિર્ણયને એના પરિપ્રેક્ષ્યમાં તપાસીને પછી જાહેર કરે છે.

# અમરેલીના માલવણ ગામે બંધ મકાનને નિશાન બનાવતા તસ્કરો

## દરવાજાના લોક તોડી અંદર પ્રવેશી ફર્નિચરના કબાટમાંથી રોકડ પોણા બે લાખ ચોરી ગયા

અમરેલી,અમરેલી તાલુકાના માલવણ ગામે રહેતા દિલીપભાઈ રાવતભાઈ જળુ તા.૧૧-૧ના સુરત શાકોત્સવ કાર્યક્રમમાં ગયેલ તે દરમિયાન તા.૧૩-૧ થી ૧૪-૧ સુધીમાં બંધ મકાનમાં કોઈ તસ્કરોએ રાત્રી દરમિયાન પ્રવેસી મકાનની અંદરની જાળીના દરવાજાનો નકુચો કાપી રૂમના દરવાજાના લોક તથા નકુચો તોડી રૂમ અંદર રહેલ ફર્નિચરના કબાટનો લોક તોડી તેમાં રાખેલ રોકડ રૂપિયા ૧,૮૭,૦૦૦ ચોરી ગયાની અમરેલી તાલુકા મથકમાં ફરિયાદ નોંધાવતા બનાવની તપાસ પીએસ આઈ કે.એસ. ડાંગર ચલાવી રહ્યા છે.

## સાવરકુંડલામાં જુગાર રમતા છ ઝડપાયા

અમરેલી,(ક્રાઈમ રીપોર્ટર) સાવરકુંડલા હાથસણી રોડ વેલનાથ પાનના ગલ્લા પાસે ભકાભાઈ ઉનાવાના રહેણાંક મકાન પાસે શેરીમાં જાહેરમાં જુગાર રમતા ધીરૂ જીવરાભાઈ માણસુરીયા, દેવસી ડભુભાઈ ઉનાવા, અલ્પેશ ઈન્દુભાઈ ધાખડા, દિલીપ ધીરૂભાઈ ગોહિલ, ભકા ડભુભાઈ ઉનાવા, દડુ ઉર્ફે દકુ ઓઠાભાઈ વરૂને પો.કોન્સ જીતુભાઈ સરવૈયાએ રૂપિયા ૧૩,૯૦૦ના મુદામાલ સાથે ઝડપી પાડયા હતાં.

## ગ્રહોની ચાલ





રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦

### આજનું પંચાગ

તા. ૧૬.૧.૨૦૨૪ મંગળવાર ,સંવંત ૨૦૮૦, પોષ સુદ છઠ, ઉત્તરાભાદ્રપદા નક્ષત્ર, પરિઘ યોગ, કૌલવ કરણ આજે જન્મેલાંની ચંદ્રરાશિ મીન (દ,ચ,ઝ,થ) રહેશે.

### કૌલવ કરણના જાતકો પ્રેમાળ અને મિત્રતાપૂર્ણ હોય છે

પંચાંગનું એક અંગ કરણ છે, તિથિના અડધા ભાગને કરણ કહેવાય, માટે એક તિથિમાં બે કરણ હોય. કરણ ૬ અંશનું હોય. પંચાંગમાં કુલ ૧૧ કરણ છે. એમાંથી બવ, બાલવ, કૌલવ, તૈતીલ, ગર, વણિજ, વિષ્ટિ આ ૭ ચર કરણ કહેવાય જે એક પક્ષમાં ચાર ચાર વાર આવે. બાકીના શકુની, ચતુષ્પદ, નાગ, કિંસ્તુઘ્ન આ ૪ કરણ સ્થિર કરણ છે. બવ કરણ આધ્યાત્મિક અને ધાર્મિક પ્રકૃતિનું છે તેના સ્વામી ઈન્દ્ર લડવાની શક્તિ પણ આપે છે. બાલવ કરણ યુવાન જેવો ઉત્સાહ ધરાવે છે અને કાર્યપૂર્તિ કરે છે જયારે કૌલવ કરણ પ્રેમાળ અને



મિત્રતાપૂર્ણ છે તાજગી આપનારું છે. તૈતિલ કરણ જીવનમાં ધન વૈભવની કમી રહેવા દેતું નથી જાતકનું સારી રીતે પોષણ કરનારું બને છે જયારે જીવનમાં પ્રગતિ અને શિસ્ત આપનારું છે. વણિજ કરણ વેપાર વાણિજયમાં સફળતા અપાવે છે તો વિષ્ટિ કરણ શરૂઆત માં નિષ્ફળતા પછી સફળતા આપે છે દુશ્મનનો સફાયો કરનાર છે પણ સાથે સાથે જાતકની છબી પણ ખરાબ કરે છે પછી આગળ વધારે છે! કિંસ્તુઘ્ન કરણ વાળા મિત્રો દાન કરતા હોય છે અન્યને કૈક આપીને રાજી થતા હોય છે અને જીવનમાં આગળ આવતા હોય છે.

મેષ (અ,લ,ઈ) : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો પડે, ન ગમતી ઘટનાઓમાંથી પસાર થવું પડે, દિવસ માધ્યમ રહે.
વૃષભ (બ,વ,ઉ) : આજના દિવસે કેટલીક બાબતમાં પ્રતીક્ષા કરવાની આવશે, સફળતા માટે થોડી રાહ જોવી પડે પણ યાદ રાખો સફળતા મળશે જ.
મિથુન (ક,છ,ઘ) : નોકરિયાત વર્ગને સારી કામગીરી મળે, વેપારી મિત્રોને ખરીદ વેચાણમાં લાભ થાય, દિવસ સારો રહે.
કર્ક (ડ,હ) : ઘણી ઘટનાઓનું ઊંડાણ પૂર્વક પૃથ્થકરણ કરી શકો, મનોમંથન કરી શકો, આંતરિક શક્તિમાં વૃદ્ધિ થાય.
સિંહ (મ,ટ) : લાગણીના સંબંધોમાં ઠેસ પહોંચતી જોવા મળે, મનમાં બેચેની રહ્યા કરે, ધાર્યા કામ પાર ના પડે.
કન્યા (પ,ઠ,ણ) : વિવાહયોગ્ય મિત્રો માટે સારી વાત આવી શકે છે, ભાગીદારીમાં લાભ થાય, પ્રગતિકારક દિવસ રહે.
તુલા (ર,ત) : લોન વિગેરે બાબતનું ટેન્શન રહેતું જોવા મળે, જીવનમાં નિયમિતતા જરૂરી છે, પૂજા પાઠથી બળ મળી રહેશે.
વૃશ્ચિક (ન,ય) : વિદ્યાર્થીવર્ગે વધુ મહેનત કરવી પડે, સંતાન અંગે ચિંતા જણાય, જો કે ધીમે ધીમે પરિસ્થિતિ સુધરે.
ધન (ધ,ભ,ફ,ઢ): મનમાં નવા તાજા વિચારો અને હકારત્મકતા થી લાભ થાય, લેખન વાંચન અને મનન કરી શકો જેની ખુબ જરુરુ છે.
મકર (ખ,જ) : જીવનમાં પરિવર્તનનો પવન ફૂંકાઈ રહ્યો છે, પરિસ્થિતિમાં ફેરફાર આવી રહ્યો છે, સમજી ને ચાલવું.
કુંભ (ગ,સ,શ) : નિરાશા કે બેચેની જેવું જણાય, મનમાં બેચેની રહ્યા કરે, કોઈ પ્રવૃત્તિમાં મનના લાગે.
મીન (દ,ચ,ઝ,થ): તમારી જાતને અંદર થી ઓળખી શકો, આત્મસંવાદ કરી શકો જેથી તમારી જાતને સારી રીતે તપાસી શકો.

### શ્રી હરપાલભાઇનાં પિતાશ્રી સ્વ. દડુભાઇનું ૧૪૮મીએ બેસણું

# અમરેલી જિલ્લા કાઠી સમાજના અગ્રણી શ્રી દડુભાઈ ધાધલનું નિધન

## શ્રી રૂપાલા, શ્રી વેકરીયા, શ્રી કાછડીયાએ તેમના નિવાસ સ્થાને જઈને પરિવારજનોને સાંત્વના પાઠવી



અમરેલી, કાઠી સમાજના અગ્રણી દડુભાઈ લખુભાઈ ધાધલનું તા. ૧૩-શનિવારના અવસાન થયેલ. તે ડો. દિલિપભાઈ, હરપાલભાઈ ધાધલ પુર્વ વિરોધપક્ષનાનેતા ન.પા.અમરેલી , ડો. જયદીપભાઈ ધાધલના પિતાશ્રીની સ્મશાનયાત્રામાં વરસડા ગામના તથા અમરેલીના લોકો બહોળી સંખ્યામાં જોડાયાહતા. કેન્દ્રીય મંત્રી પરષોતમભાઈ રૂપાલા, સાંસદ નારણભાઈ કાછડીયા, નાયબદંડક કૌશિકભાઈ વેકરીયા સહિતે તેમના નિવાસ સ્થાને જઈને પરીવારજનોને સાંત્વના પાઠવી હતી.

સ્વ.દડુભાઈ લખુભાઈ ધાધલનું તા.૧૮ને ગુરૂવારનાં સાંજે ૪થી ૬ બ્રાહ્મણ સોસાયટી, સ્વામિનારાયણ નગર ૧ ખાતે બેસણું રાખવામાં આવ્યું છે.

## મેંદરડાનાં અગ્રણી શ્રી વાસુદેવભાઇ પુરોહીતનું નિધન

### જુના જનસંઘી અને કેળવણીકાર શ્રી પુરોહીતના નિધનથી ઘેરો શોક



જુનાગઢ, (હિતેષ પારેખ) મેંદરડાનાં જુના જનસંઘી, કેળવણીકાર અને સહકારી ક્ષેત્રના અગ્રણી ગૌ પ્રેમી વાસુદેવભાઈ પુરોહિતનું અવસાન થતાં શોકનું મોજુ કરી મળ્યું છે. તેઓ પત્રકાર પણ હતા. મેંદરડા પંથકના અનેક પ્રશ્નો અને વાચા આપી છે. તેમની નિડરતા, આધ્યાત્મિક જ્ઞાનમાં પણ નિપુણ હતા. ગૌ સેવા તેમનો જીવન મંત્ર હતો. કિશોરચંદ્રજી મહારાજે જ્યારે કપરા સમયે કેટલ કેમ્પ શરૂ કર્યા ત્યારે તેમણે ખૂબ સેવા કરી અને પોતે પણ એક જીવન મંત્ર લઈ નિરાધાર અપંગ બીમાર ગૌસેવા કરી પોતાના ખર્ચે ૬૫ જેટલી ગાય, બળદનો નિભાવ કર્યો હતો. અને ઘરે ઘરે જઈ ગ્રામજનોને એક ગાય રાખવા અને મૃત્યુ પર્યંત તેમના સેવાકીય પ્રયત્નો રહ્યા હતા. મેંદરડાના અરણીયાળા ગામે એક શૈક્ષણિક સંસ્થા પણ તેઓએ શરૂ કરી ગ્રામ્ય વિસ્તારના બાળકો માટે શિક્ષણનો યજ્ઞ શરૂ કર્યો. સહકારી મંડળીમાં ૬૫ વર્ષ પ્રમુખ તરીકે બિનહરીફ સેવા આપી ચૂકેલા વાસુદેવભાઈ પુરોહિત ગુજરાત માધ્યમિક શાળા સંચાલક મંડળ સંઘમાં જુનાગઢ જિલ્લાના પ્રમુખ તરીકે પણ સેવારત હતા. મેંદરડા તાલુકા સહકારી સંઘમાં પણ તેઓએ ડાયરેકટર તરીકે ૬ જાન્યુઆરીના રોજ તેમનું અવસાન થતાં પુત્ર યોગેશ, નિરંજન, પુત્રી રેખા અને સંગીતા અને વિલાપ કરતા છોડી ગયા છે.

## નાગેશ્રીમાં ઘરેથી યુવતિ ગુમ

અમરેલી, નાગેશ્રીમાં રહેતી યુવતી ઘરે થી કોઈને કહ્યા વગર ગુમ થયાનું યુવતી પિતાએ નાગેશ્રી પોલીસ મથકમાં જાહેર કરેલ છે.

# અમરેલી અને બાબરામાં પ્રતિબંધીત ચાઇનીઝ દોરા વહેંચતા ચાર શખ્સો સામે ગુન્હો નોંધાયો

## પ્રતિબંધિત દોરી વહેંચવા પર જાહેરનામાનો ભંગ કરતા ફરિયાદ

અમરેલી, અમરેલી શહેર તથા બાબરામાં અધિક જિલ્લા મેજિસ્ટ્રેટના જાહેમાનાનો ભંગ કરી પ્રતિબંધિત ચાઈનીઝ દોરાનું વહેંચાણ કરતા અમરેલીમાં મુકેશ મનસુખભાઈ મેરને બે ફિરકી રૂા.૬૦૦ના મુદામાલ સાથે સ્પેશ્યલ ઓપરેશન ગૃપના એએસઆઈ યુવરાજસિંહ સરવૈયાએ તથા બાબરા પોસ્ટ ઓફિસ પાસે શૈલેષ ઉર્ફે બાલો રમણિકભાઈ ડોડીયાને ત્રણ ફીરકી રૂા.૧૨૦૦ના મુદામાલ સાથે હે.કોન્સ ધનજીભાઈ પરમારે ઝડપી પાડયો હતો. જયારે કરિયાણા રોડ ચોકડી પાસે અજય એભલભાઈ વાઘેલાને બે ફીરકી રૂા.૮૦૦ના મુદામાલ સાથે પો.કોન્સ. ગોકુળભાઈ રાતડીયાએ ઝડપી પાડયો હતો. જયારે મુસ્તાકશા આલમશા કંડોળીયાને એક ફીકરી રૂા.૪૦૦ના મુદામાલ સાથે હે.કોન્સ. બાબુભાઈ પરમારે ઝડપી પાડયો હતો.

### લગ્ન કરવાનું કહી અવારનવાર શરીર સબંધ બાંધ્યા

# અમરેલીમાં મહિલા ઉપર પોલીસ કર્મચારીએ બળાત્કાર ગુજાર્યો

## મહિલાની મરજી વિરૂધ્ધ શરીર સંબંધ બાંધી મારકુટ કર્યાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) અમરેલીના ચક્કરગઢ રોડ ઉપર આવેલ એક સોસાયટીમાં રહેતી મહિલાનાં રહેણાંક મકાને ચલાલાના પોલીસ કર્મચારી મહેશ રાઠોડે મહિલા સાથે લગ્ન કરવાનું કહી તેની સાથે અવાર નવાર શરીર સંબંધ બાંધી મહિલા સાથે લગ્ન કરવાની ના પાડી મહિલા સાથે તા.૧૦-૧ બુધવારના દિવસે અને રાત્રી દરમિયાન તેમજ તા.૧૧-૧ના સવારના મહિલા મરજી વિરૂધ્ધ શરીર સંબંધ બાંધી મહિલાને છેલ્લા નવ મહિનાથી મારકુટ કર્યાની અમરેલી તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા બનાવની તપાસ પીએસઆઈ કે.એસ.ડાંગર ચલાવી રહ્યા છે.

## ઓળીયા નજીક ફોરવ્હીલે બાઈકને હડફેટે લીધી

### બાઇક સાથે ભટકાવી ગંભીર ઈજાઓ કર્યાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) સાવરકુંડલા તાલુકાના ઓળીયા ગામે શનિદેવના આશ્રમ પાસે સાર્થકભાઈ કમલેશભાઈ પોકળ ઉ.વ. ૨૧ રહે. અમરેલી જેસીંગપરા તથા નિમેષભાઈ દિનેશભાઈ સુખડીયા બાઈક જી.જે. ૧૪એ.ડી. ૨૮૯૪ લઈને રાજુલાથી અમરેલી તરફ આવવા માટે નીકળેલ. તે દરમ્યાન ઓળીયા ગામે શનિદેવના આશ્રમ પાસે પહોંચતા સામેથી આવતી ફોરવ્હીલ વેગેનાર જી.જે. ૦૫ સી.એફ. ૮૦૦૦ ના ચાલકે પુરઝડપે અને બેફીકરાઈથી ચલાવી બાઈક સાથે ભટકાવી સાર્થકભાઈને માથા , પીઠ તથા ગુપ્ત ભાગે તેમજ તેની સાથે રહેલા નિમેષભાઈને માથા અને પીઠના ભાગે તેમજ બંને પગમાં નાની મોટી ગંભીર ઈજાઓ કરી પોતાની ફોરવ્હીલ મુકી નાસી ગયાની સાવરકુંડલા રૂરલ પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## લાઠીમાં અગાઉ થયેલ ફરિયાદ પ્રશ્ને યુવાન ઉપર હુમલો

અમરેલી, લાઠીમાં મહાવીર નગર, ભોળાનાથના મંદિર પાસે રહેતા નવનીતભાઈ ધીરૂભાઈ સોલંકી રેલ્વેસ્ટેશન પાસે આવેળ ખુલી જગ્યામાં પંતગ ચગાવતા હતા. ત્યારે ભરત ભરવાડે બાઈકમાં આવી ને કહેલ કે આપડે અગાઉ થયેલ ફરિયાદ પ્રશ્ને સમાધાન કરવાનું જણાવી બાઈક બેસાડી રાધિકા હોલેટ પાસે આવેલ ટેકરી પર લઈ જઈ ભરત ભરવાડ, હરિ ભરવાડ તથા ગાંગુલીએ ગાળો બોલી સમાધાન કરવાની કહેતા નવનીતભાઈએ ના પાડતા ઢીકાપાટુ અને બાવળની લાકડી વડે મારમારી ઈજા કર્યાની લાઠી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## રાજુલાના વિકટર ગામે બે જુથ વચ્ચે મારામારી

અમરેલી, રાજુલા તાલુકાના વિકટર ગામે જયસુખભાઈ શામજીભાઈ વેગડ ઉ.વ.૨૬ પોતાનું બાઈક લઈને જતા હોય ત્યારે હરેશ ઘુઘાભાઈએ ટ્રેકટરને એકાએક બ્રેક મારતા ટ્રેકટર સાથે બાઈક અથડાતા ગાળો આપેલ જયારે ઘુઘા લખમણભાઈ, ભરત ઉર્ફે બુધાભાઈ, કમુબેન ઘુઘાભાઈએ જયસુખભાઈના ઘરે જઇ ગાળો બોલી ઘુઘાએ અશોકભાઈને કમરમાં લોખંડનો પાઈપ મારી ભરતે જાગૃતિબેનને જમણા હાથે લાકડી વડે મારમારી કમુબેન ઘુઘાભાઈએ ગાળો બોલી ઢીકાપાંટુ વડે મુંઢમાર મારી અરવિંદ નરસિંહભાઈ, કાના નરસિંહભાઈ અને નરસિંહભાઈએ અરવિંદભાઈને પકડી રાખી ભરતે માથાના ભાગે લાકડી વડે મારમારી ઈજા કર્યાની મરિન પીપાવાવ પોલીસમાં ફરિયાદ નોંધાવી. જયારે સામા પક્ષે હરેશભાઈ ઘુઘાભાઈ વેગડ ઉ.વ.૨૩ને જયસુખ શામજીભાઈ, અશોકભાઈ શામજીભાઈ, જાગૃતિબેન શામજીભાઈ વેગડ, અરવિંદ ભોળાભાઈ ચૌહાણે ગાળો બોલી હરેશભાઈના માતા પિતા તથા કાકા આરોપીને ઠપકો આપવા જતા માતા પિતા અને કાકાને ગાળો બોલી માથાકુટ કરી ઢીકાપાટુ વડે મુંઢમાર મારી પાઈપ અને લાકડી વડે મારમારી ઈજા કરી ધમકી આપ્યાની મરીન પીપાવાવ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

### છેલ્લા પાનાનું

### મોબાઈલ ચોરાયાં

બાઘાભાઈ પરમાર પતંગ દોરાની લારીએ ઉભેલ હોય તે દરમિયાન તેમનો વિવો કંપનીનો સીમ સાથેનો મોબાઈલ રૂા.૩૫,૯૯૯ની કિંમતનો પેન્ટના ખીસ્સામાંથી કયાંક પડી જતા કોઈ ચોરી ગયાની સાવરકુંડલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. જયારે બીજા બનાવમાં ગોપાલભાઈ છનાભાઈ રાઠોડ પોતાનું ટ્રેકટર લઈને ઘરે જતાં હતા ત્યારે ડીઝલ ભરાવતી વખતે ટ્રેકટરના પંખા ઉપર મુકેલ મોબાઈલ વીવો કંપનીનો ૧૨,૯૯૯ની કિંમતનો પડી જવાથી કોઈ ચોરી ગયાની સાવરકુંડલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# સાવરકુંડલાના મેવાસા ગામે મોમાઈ માતાજીના મંદિરમાં તસ્કરો ત્રાટકયા

## મંદિરમાં પ્રવેશી દાનપેટીમાંથી રોકડ રૂા.૨૫ હજારની ચોરી કરી લઈ ગયાની ફરિયાદ

અમરેલી, સાવરકુંડલા તાલુકાના મેવાસા ગામે આવેલ રવીરાજભાઈ ભીખુભાઈ ઝેબલીયા ઉ.વ. ૨૮ રહે. સાવરકુંડલાના કુળદેવી મોમાઈ માતાજીના મંદિરમાં તા. ૧૩-૧ ના રાત્રિ દરમ્યાન કોઈ તસ્કરોએ મંદિરનો દરવાજો ખોલી મંદિરમાં પ્રવેશ કરી દાનપેટીમાં રાખેલ રોકડ રૂ/-૨૫,૦૦૦ની ચોરી કરી ગયાની રવીરાજભાઈએ વંડા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## હાલરીયા ગામે સામાન્ય પ્રશ્ને બે જુથ વચ્ચે મારામારી

### લાકડી અને પાઈપ વડે મારમારી બાઈકને નુકશાન કર્યાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) બગસરા તાલુકાના હાલરીયા ગામે વનરાજભાઈ જીવરાજભાઈ માધડના ઘરની બહાર કિરણ કાનાભાઈ , હિંમત કાનાભાઈ વાઘ ગાળો બોલતા હોય જેથી બંનેને ગાળો બોલવાની ના પાડતા લાકડી વડે હાથે અને કાન ઉપર તેમજ માથામાં મારમારી ઈજા કર્યાની બગસરા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. જયારે સામાપક્ષે સાગરભાઈ કેશુભાઈ વાઘેલા તથા હિંમતભાઈ પોતાની બાઈક લઈ તા. ૧૨-૧ ના રાત્રિના કાના ભગાભાઈ માધડની દુકાન પાસે પહોંચતા કાના ભગાભાઈ , વનરાજ જીવાભાઈ, રવિ જીવાભાઈ , લાલો કાનાભાઈ, અભય ડાયાભાઈ, અશોક ખીમજીભાઈ માધડે એક સંપ કરી હથીયારો ધારણ કરી સાગરભાઈ અને હિંમતભાઈ ઉપર હુમલો કરી કાનાએ દુકાનમાંથી લોખંડનો પાઈપ કાઢી સાગરભાઈને માથામાં તથા વાસામાં મારમારી ઈજા કરી અન્ય શખ્સોઓ હિંમતભાઈને મારમારી મુંઢ ઈજા કરી અભય ડાયાભાઈ માધડે લાકડીના ધોકા વડે હિંમતભાઈને બાઈકને નુકશાન કર્યાની બગસરા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## ખાંભામાં ઘરે આવવાની ના પાડતા પતિ પત્ની ઉપર હુમલો

### ત્રણ શખ્સોએ પતિ પત્નીને ગાળો બોલી મારામારી ધમકી આપી

અમરેલી, ખાંભા ભગવતીપરામાં ધીરૂભભાઈ ભુપતભાઈ સોલંકીના પત્નીને વસંત ભુપતભાઈ સોલંકી સારી નજરથી જોતો ન હોય જેથી ઘરે આવવાની ના પાડતા સારૂ નહિં લાગતા મુન્ના મગનભાઈ, ભુપત માધાભાઈ, વસંત ભુપતભાઈ સોલંકીએ ધીરૂભાઈ તથા તેમના પત્નીને લાકડી વડે માથામાં મારમારી તેમના પત્નીને શરીરે લાકડી વડે મારમારી આડેધડ મુંઢમાર મારી ઈજાઓ કરી ધમકી આપ્યાની ખાંભા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## દામનગરના ધામેલમાં બે કુટુંબીઓ વચ્ચે મારામારી

### પૈસા પ્રશ્ને બોલાચાલી કરી મારમાર્યાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) દામનગરના ધામેલ ગામે મિનાબેન પ્રવિણભાઈ ગોહિલ ઉ.વ.૪૪ મુળ ધામેલ હાલ સુરત તથા તેમના દેરાણી આશાબેન ધીરૂભભાઈ ગોહિલ સવારના ૧૦ વાગ્યે તેમના મોટા જેઠની ખબર કાઢવા જતા હતાં. તે દરમિયાન ધામેલ ગામના પાદરમાં દિનેશ કરશનભાઈ ગોહિલ બાઈક પર આવી મીનાબેનને કહેલ કે તુ ધામેલ ગામમાં કેમ આવેલ છો તેમ કહેતા તેમણે કહેલ કે દવા લેવા માટે આવેલ છું મે તમોને રૂા.૧૪ હજાર ઉછીના આપેલ તે તેમ આજદિન સુધીમાં મને પાછા આપેલ છે? તેમ કહેતા ઉશ્કેરાઈ ગાળો બોલી ઢીકાપાટુ વડે મારમારી મિનાબેન ઘરે જઈ રસિકભાઈ ભીખાભાઈ ગોહિલને લાફો મારી રવિ દિનેશભાઈ ગોહિલે લાલજીભાઈ ભીખાભાઈ ગોહિલને લાકડી વડે મારમારી ઈજા કર્યાની દામનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. જયારે સામા પક્ષે દિનેશભાઈ કરશનભાઈ ગોહિલ ઉ.વ.૪૫ પાસે રસિક ભીખાભાઈ, લાલજી ભીખાભાઈ, રાહુલ રસિકભાઈ ગોહિલ, દિનેશભાઈ પાસે જઈ કહેલ કે મારા ભાભી મિનાબેન પ્રવિણભાઈ ગોહિલ સાથે બજારમાં કેમ વાતચીત કરતો હતો તેવું જણાવી લોખંડના પાઈપ અને ઢીકાપાટુ વડે મારમારી ઈજા કર્યાની દામનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# સૌરાષ્ટ્રના માર્કેટ યાર્ડના બજાર ભાવો

## કપાસ ૧૦૯૦ થી ૧૪૬૨ મગફળી ૯૧૫ થી ૧૩૯૯

**અમરેલી માર્કેટ યાર્ડ**
શિંગમઠડી-૭૬૫-૧૨૮૬
શિંગમોટી-૯૧૫-૧૩૯૯
તલકાળા-૨૨૦૦-૩૨૬૫
તલસફેદ-૨૨૪૦-૩૬૮૦
બાજરો-૪૪૦-૪૮૭
ઘઉંટુકડા-૫૧૨-૬૨૦
ઘઉંલોકવન-૫૨૨-૬૦૬
એરંડા-૧૦૯૧-૧૧૧૨
રાયડો-૭૨૧-૭૨૧
ચણા-૧૦૦૦-૧૧૦૧
કપાસ-૧૦૯૦-૧૪૬૨
અડદ-૧૬૯૨-૧૭૫૦
ધાણા-૧૧૫૬-૧૨૫૬
સોયાબીન-૮૧૭-૯૦૮
તુવેર-૧૨૬૦-૧૯૪૧
મકાઈ-૩૦૦-૪૧૨
મરચાલાંબા-૧૦૨૦-૩૯૮૦

**અમરેલી શાકભાજી**
બટેટા-૨૨૦-૨૫૦
રીંગણા-૪૦૦-૫૦૦
ફલાવર-૬૦૦-૭૦૦
કોબીઝ-૩૦૦-૪૦૦
ટમેટાં-૨૫૦-૩૩૦
સુરણ-૬૫૦-૭૫૦
ગાજર-૩૨૦-૪૧૦
દુધી-૧૧૦-૨૨૦
કારેલા-૬૫૦-૭૫૦
ગલકા-૬૫૦-૭૨૦
કાકડી-૪૫૦-૫૫૦
ગુવાર-૧૧૫૦-૧૩૦૦
ચોળાલીલા-૬૦૦-૭૦૦
તુરીયા-૬૦૦-૭૦૦
ભીડો-૬૦૦-૭૨૦
આદુ-૨૦૦૦-૨૨૦૦
કોથમીર-૩૦૦-૪૦૦
મેથીભાજી-૫૦૦-૬૦૦
ટીંડોરા-૪૦૦-૫૩૦

લીમડોમીઠો-૭૦-૧૦૦
મરચાલીલા-૪૫૦-૬૫૦
લસણસુકું-૩૦૦૦-૩૮૦૦
લીંબુ-૮૦૦-૧૦૦૦
પાલક-૩૫૦-૪૫૦

**રાજુલાયાર્ડ**
બાજરો-૫૦૨-૫૦૨
જુવાર-૫૩૧-૧૦૦૦
ઘંઉ-૫૦૫-૬૧૫
તલસફેદ-૨૮૦૧-૨૮૯૬
મકાઈ-૪૯૮-૪૯૮
એરંડી-૯૩૦-૯૩૦
ધાણા-૭૫૦-૭૫૦
તલકાળા-૨૯૦૦-૨૯૦૦
કપાસ-૧૦૬૦-૧૪૧૫
રાય-
મગ-

**મહુવાયાર્ડ**
શીંગ-૧૦૫૦-૧૨૯૭
શીંગજી-૧૦૪૦-૧૪૨૩
ડુંગળીલાલ-૧૦૦-૩૬૬
ડુંગળીસફેદ-૨૨૪-૩૨૮
બાજરી-૪૩૭-૫૧૧
મગ-૧૫૦૦-૨૨૫૦
નાળીયેર-૪૯૪-૧૭૨૬
ચણા-૧૦૩૩-૧૦૬૫
જુવાર-૪૯૧-૯૮૧
તુવેર-૧૫૩૦-૧૯૩૨
સોયાબીન-૭૪૫-૮૮૭

**બાબરા**
કપાસ-૧૧૫૦-૧૪૬૦
તલસફેદ
ચણા-૮૮૦-૧૦૨૦
ઘઉં-૪૬૦-૬૨૦
તુવેર-૧૫૧૫-૧૮૨૫
અડદ-
મગફળી-૧૧૯૦-૧૨૫૦

સોયાબીન-

**ધારી**
કપાસ-૧૧૪૦-૧૪૧૪
મગફળી-૧૦૧૫-૧૨૬૧
ધાણા-૧૦૫૦-૧૦૫૦
તુવેર-૧૩૧૫-૧૬૮૦
ચણા-૯૧૧-૯૮૬
શીંગદાણા-૧૪૩૫-૧૪૩૫
ઘઉં-૫૫૦-૫૫૨
મેથી-૧૦૭૦-૧૦૭૦
એરંડા-
અડદ-

**સાવરકુંડલા માર્કેટયાર્ડ**
શીંગમોટી- -૧૨૦૦
તલસફેદ-૨૮૫૧-૩૧૭૧
તલકાળા-૩૦૮૦
તુવેર-૧૬૦૦-૧૯૪૦
કપાસ-૧૨૦૦-૧૪૫૦
ઘઉં-૫૦૦-૬૧૬
બાજરો-૪૨૫-૫૧૮
ધાણા-૧૨૦૦-૧૩૬૧
ચણા-૧૦૦૦-
સોયાબીન-૮૭૦-૯૧૫
મકાઈ-

**ખાંભા**
કપાસ-૧૨૦૧-૧૪૨૫
મગફળી-૧૨૯૧-૧૨૯૧
સોયાબીન-
ઘઉં-૫૦૫-૫૦૫
જુવારસફેદ-
તલસફેદ-
ધાણા-
એરંડા-૧૦૩૫-૧૦૩૫
તુવેર -૧૯૦૦-૧૯૦૦

**બગસરાયાર્ડ**
કપાસ-૧૦૫૦-૧૪૭૦
ચણા-
ઘઉં-૫૪૧-૫૪૧
મગફળી-૧૧૫૦-૧૧૫૦
ઘઉંટુકડા-૫૨૧-૫૮૩
જીરૂ-૩૫૩૦-૩૫૩૦
તુવેર-૧૪૮૦-૧૪૮૦
બાજરો-૩૯૦-૩૯૦
અડદ-

**અમરેલીફ્રુટમાર્કેટભાવ**
ચીકુ-૩૭૦-૮૦૦
દાડમ-૬૦૦-૧૫૦૦
મુસંબી-૬૫૦-૯૦૦
જામફળ-૪૦૦-૭૦૦
સંતરા-૪૦૦-૭૦૦
કીવી-૩૫૦૦-૫૦૦૦
ડ્રેગન ફ્રુટ-૧૮૦૦-૨૮૦૦
સીતાફળ-૬૦૦-૧૨૦૦
કેળા-૪૦૦-૫૦૦
પોપૈયા-૨૦૦-૩૦૦
સફરજન હિમાચલ-
સ. કાશ્મીર-૧૧૦૦-૨૦૦૦
અનાનસ-૮૦૦-૧૧૦૦
અંગુર-૭૦૦-૨૦૦૦

**લીલીયા**
કપાસ-૧૦૭૬-૧૪૬૦

### અમરેલી આજનું તાપમાન

મહ ામ તાપમાન ૨૭.૩
ન્યુનતમ તાપમાન ૧૩.૧
ભેજનું પ્રમાણ ૮૯
પવનની ગતિ સરેરાશ-૬.૬

ભારતમાં સૌથી સારો મેડીક્લેઇમ
મેડીક્લેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીક્લેઇમમાં ફક્ત - ૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેસની સગવડ
સંપર્ક: પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો.૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો.૮૪૬૦૫ ૫૦૬૬૦

આ છે તેની વિશેષતાઓ
YAMAHA FASCINO-125
LED હેડલાઇટ
ટેલલાઇટ
ડિજીટલ મીટર
બ્લુટુથ કનેક્ટીવીટી
અત્યાધુનિક હાઇબ્રીડ ટેકનોલોજી
● ૩૦% મોર પાવર ● ૧૬% વધુ માઇલેજ
● સ્ટાર્ડ : સ્ટોપ સીસ્ટમ ● સ્માર્ટ મોટર જનરેટર
● માત્ર ૯૯ કિલો વજન સહીત અનેક ખુબીઓ
યામાહા શોરૂમ
(જીજ્ઞેશ એજન્સી, લાઠી બાયપાસ ચોકડી પાસે, અમરેલી
સંપર્ક : મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ મો. ૭૦૪૮૭ ૮૨૦૦૪

સત્યમેવજયતે
AVADH TIMES DAILY
# અવધ ટાઇમ્સ
સૌરાષ્ટ્ર
પાના નં ૫
તા.૧૬-૧-૨૦૨૪ મંગળવાર

રોયલ ફેબ્રીકેશન
ગ્રીલ, જાળી, દરવાજા, રજવાડી ગેટ, છાપરાનું કામ કરનાર તેમજ મજુરીથી કામ કરનાર
સંપર્ક :- ફૈસલ સુમરા
મો. ૮૭૫૮૯ ૮૭૭૪૮ - ૬૩૫૧૭ ૧૪૮૩૬
ચાંદની ચોક, અમરેલી

BAJAJ FINSERV
આશાપુરા ફર્નીચર
માણેકપરા, લાતી બજાર અમરેલી ફોન (૨૨૩૭૩૯) મો.૯૦૩૩૩ ૩૪૬૬૧
૨૦૨૩ / ૨૪ ના અધતન અને ટકાઉ ફર્નિચરનો લાઇવ ડેમો નિહાળવા આજે જ પધારો
દિકરીઓના કરીયાવરના ફર્નિચરમાં જબરદસ્ત ડિસ્કાઉન્ટ

## ખીજ જેની ખટકે નહીં, રૂદિયે કાયમ રિજ, એવી મઢડાવાળી માતની આવી સોનલ બીજ

# મઢડામાં પુજ્ય સોનલ આઇની જન્મ શતાબ્દી ઉજવાઇ

### પુજયશ્રી સોનલમાંએ વ્યસન અને નશાના અંધકારથી સમાજને કાઢીને નવી રોશની આપી

### પુજય સોનલમાં આધુનિક યુગ માટે પ્રકાશ સ્તંભની જેમ હતા, સોનલમાંનુ સમગ્ર જીવન જન કલ્યાણ માટે સમર્પિત રહ્યુ હોવાનું વર્ચ્યુઅલી વિડીયો સંદેશના માધ્યમથી જણાવતા વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી

### શ્રી રૂપાલા સહિત મહાનુભવો અને આગેવાનોની ઉપસ્થિતિ : મહોત્સવમાં લોકડાયરાની રમઝટ



અમરેલી,

જુનાગઢ જીલ્લાના મઢડા ખાતે આઇશ્રી સોલનધામમાં જન્મ શતાબ્દી મહોત્સવ કેન્દ્રીય મંત્રીશ્રી પરશોતમભાઇ રૂપાલાઅનેમહાનુભવો સંતો મહંતોની ઉપસ્થિતિમાં યોજાયો છે. આ કાર્યક્રમમાંવડાપ્રધાનશ્રીનરેન્દ્રભાઇ મોદીવર્ચ્યુઅલીમાધ્યમથીસંબોધનકરી જણાવ્યું હતું કે ગીરનારમાં ભગવાન દતાત્રેયસહિતજુનાગઢ મઢડાસહિતના સ્થાનિકો આધ્યાત્મિક ઉર્જા આપે છે. વડાપ્રધાનેસોનલમાતાનોમાનવતાઅને સામાજિક સેવા તેમજ રાષ્ટ્ર સેવાનો ઉલ્લેખ કરીને જણાવ્યું હતું સોનલમાં સનાતની સંત પરંપરામાં આધુનિક યુગનાપ્રકાશસ્તંભસમાનહતાં.આઇશ્રી સોનલ માતાનું સમગ્ર જીવન જન્મસેવા, સામાજિક સેવા અને રાષ્ટ્ર સેવાને સમર્પિતહતું.સોનલમાંએકચ્છનાવાવડ ખાતે પ્રતિજ્ઞા લઇ વ્યસ્ન અને સામાજિક દુષણ સામે જનજાગૃતિ લાવી પરિશ્રમથી આત્મનિર્ભરતાનો સંદેશો આપ્યો હતો. સોનલમાંએ ભગવતબાપુ, વિનોબા ભાવે, કનુભાઇ લહેરી, કલ્યાણજીભાઇ શેઠ સાથે પણ સામાજિક અને રાષ્ટ્ર સેવામાં પણ કામ કર્યુ હતું. ભારત વિભાજન સમયે જયારે જુનાગઢને તોડવાની કોશિષ કરવામાં આવી ત્યારે સોલનમાતાએકચંડીનારૂપમાંઉભારહ્યા હતાં. સોનલમાં શિક્ષણ માટે પણ જાગૃત હતાં.

તેમના મુખે ભકતોએ રામાયણ પણ સાંભળી છે. વડા પ્રધાનશ્રીએ કહ્યું અયોધ્યામાં ૨૨ જાન્યુઆરીએ રામમંદિરની પ્રાણપ્રતિષ્ઠા થઇ રહી છે. ત્યારે આઇશ્રી પ્રશંન્ન થશે. વડાપ્રધાનશ્રીએ અવસરે ધર્મસડો તિર્થ સ્થાનોમાં સ્વચ્છતા અભિયાન શરૂ થઇ રહ્યું છે તે અંગે પ્રસંન્તા વ્યકત કરી સૌને દિપ જયોતી પ્રગટાવવા અનુરોધ કર્યો હતો. વડાપ્રધાને ચારણ સમાજના સાહિત્ય, લોકસાહિત્ય સર્જનમાં યોગદાન અંગે ઉલ્લેખ કરી ઠારણબાપુ, ઈશરદાનજી, પીંગળસિંહ બાપુ, મેરૂભા, શંકરદાન, શંભુદાનજી, કવિકાગબાપુ, હેમુ ગઢવી, કવિદાદ, ભીખુદાન ગઢવી, સહિતના લોકસાહિત્યકારોનો ઉલ્લેખ કરી તેમના ચારણસાહિત્યસમાજસમૃધ્ધથતોરહ્યો છે અને આ પરંપરા જળવાઇ રહી છે તેમ જણાવ્યું હતું.

રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું કે સોનલ માતાએ માનવતા અને સમાજના કલ્યાણ માટે જીવન પરિયત સેવારત રહીને સમાજ માટે પ્રેરણા આપી છે. સોનલમાતાએ સામાજિકબદી,અંશ્રધ્ધાનેવ્યસનોસામે ચેતના જગાવી માનવતાનું કામ કર્યુ છે. રાષ્ટ્ર સેવા, રાષ્ટ્ર એકતા માટે પણ તેમનું યોગદાન રહ્યું છે.

કેન્દ્રીયમંત્રશ્રીરૂપાલાએજણાવ્યુંકેમાતા આઇ સોનલના કાર્યોસામાજિકસુધારની સાથે રાષ્ટ્રની ઉન્નતિ સાથે જોડાયેલા રહ્યા હતાં . આઝાદી વખતે જુનાગઢના શાસકોએજયારેપાકિસ્તાનમાંભળવાની હિલચાલ કરી ત્યારે માતા સોનલે તત્કાલીનશાસકોનેચેતવ્યાહતાંકેતમારો અને ભારતનો ભલુ અહીંયા જ છે. આ સમગ્રપ્રસંગ મંત્રીશ્રીએ કવિકાગની એક રચનાના પટન સાથે વર્ણાવ્યા હતાં. આ રચનામાં પાકિસ્તાનને એક સમયે પરપોટાની ઉપમાં આપવામાં આવી હતી.તેનો ઉલ્લેખ કરતા કહ્યું કે ચારણ કવિઓએ પોતાની રચનાઓ દ્વારા કે ભવિષ્ય ભાખ્યું છે તે સાચુ પડયું છે. આ સાથે તેમણે જણાવ્યું કે કલમ અને કટાર એકબીજાના વિરોધી છે.

પરંતુ આ કલમ અને કટાર બંનેચારણોને ભાઇ માને છે. તેમ જણાવી શ્રી રૂપાલાએ ચારણ સમાજના યોગદાનને બિરદાવી સાહિત્ય સંદર્ભો આપ્યા હતાં.

સોનલમાંના પ્રાગ્ટય દિને ત્રણ દિવસના અલગ અલગ કાર્યક્રમો સાથે લોક ડાયરા યોજાયા હતાં. જામનગરના સાંસદ પુનમબેન માડમે પણ રૂપિયાનો વરસાદ કર્યો હતો. ૧૦-૨૦ની નોટોને બદલે અહીં તો લોકોએ ડાયરામાં ૧૦૦-૧૦૦ની નોટો વરસાવી હતી. ભીખુદાન ગઢવી, કિર્તિદાન ગઢવી, માયાભાઇ આહિર, સાંઇરામ દવે, દેવાયત ખવડ, રાજભા ગઢવી, દેવરાજ ગઢવી, બિહારીહેમુભાઇ, ધીરૂભાઇ સરવૈયા, બિરજુ બારોટ, જીજ્ઞેશ બારોટ સહિતના કલાકારોએ ભાગ લીધો હતો.

આ પ્રસંગે રાજયપાલ દ્વારા કેન્દ્રીય મંત્રીઓની ઉપસ્થિતિમાં ચારણ સમાજના રત્ન એવા પદ્મશ્રી ભીખુદાનભાઇ ગઢવી અને શ્રી સી.પી. દેવળનું સન્માન કર્યુ હતું. કાગબાપુ, કવિદાદના પરિવાર જનોએ આ સન્માન સ્વીકાર્યુ હતું. કાર્યક્રમમાં સોનલધામ મઢડાના કાર્યકરો વિશેષ ઉપસ્થિત રહ્યા હતાં.

---

##### ગાયત્રી પરિવાર દ્વારા

## ચલાલામાં સર્વરોગ કેમ્પ યોજાયો

### ૧૯૮ દર્દીઓએ નેત્રયજ્ઞ, દંતયજ્ઞ, તથા સર્વરોગ સારવાર કેમ્પનો લાભ લીધો



ચલાલા,અવિરત સેવાકાર્યો કરનાર યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ચલાલા દ્વારા તાજેતરમાં ૨૬૨ મો વિનામૂલ્યે નેત્રયજ્ઞ, દૈતયજ્ઞ તથા સર્વરોગ કેમ્પ યોજાયો હતો. જેમાં શ્રી રણછોડદાસજીબાપુ ચેરીટેબલ હોસ્પિટલ,જીલ્લા અંધત્વ નિવારણ સમિતિ અમરેલી, નિયામક શ્રી આયુષ - ગાંધીનગર તથા આયુર્વેદ શાખા જીલ્લા પંચાયત અમરેલી, તથા સરકારી આયુર્વેદ દવાખાનું - ચાડીયા તથા સરકારી હોમીયોપોથી દવાખાનું - સાવરકુંડલા ના સંયુક્તઉપક્રમે યોજાનાર આ કેમ્પમાં નિષ્ણાંત ડોકટરોની ટીમે સેવા આપી હતી.આ કેમ્પનો શુભારંભ મંગલ દિપપ્રગટ્યથી થયો હતો આ પ્રસંગે સંસ્થાના વડાપૂ. રતિદાદા તથા ડોકટરશ્રીઓ દ્વારા દિપ પ્રગટ્ય કરવામાં આવ્યું હતું.શ્રી રતિદાદાએ બધાને સારૂ થઇ જાય પછી બીજાનું ભલું કરવું તેવી ભગવાન ને પ્રાર્થના કરી હતી. સાથે વ્યાસનમુક્ત રહેવું, સત્યનું પાલન કરવું અને બધા સાથે હળી-મળીને રહેવું.કિશોરભાઇ, મંજુબેન, રાજુલ, સેજલ, અનુરાગ એન્ડ ટ્રીનામોદી, પરીત એન્ડ પારુલ શાહ - કેનોન્સ - લંડન ના આર્થીક સહયોગ થી શ્રી રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ - રાજકોટ અને જીલ્લા અંધત્વ નિવારણ સમિતિ અમરેલીના સહયોગથી આ નેત્રયજ્ઞ માં આંખ ના દર્દીઓની ચકાસણી કરવામાં આવી હતી. જે પૈકી ૪૮ દર્દીઓને શ્રી રણછોડદાસ બાપુ ચેરીટેબલ હોસ્પિટલ ખાતે લઇ જઈ અને કેફોમશીન દ્વારા ઓપરેશન કેરી નેત્રમણી પણ વિનામૂલ્યે બેસાડવામાં આવી હતી.દંતયજ્ઞમાં ડો. અવનીબેન દ્વારા અનેક દર્દીઓને દાંત કાઢી ચાંદી પણ વિનામૂલ્યે પૂરી આપવામાં આવી.આયુર્વેદિક કેમ્પ માં ડો. આરતીબેન અને પ્રકાશભાઈ એ બધા દર્દીઓને તપાસ કરી દવાપણ વિનામૂલ્યે આપવામાં આવી હતી.દીકરીઓ માટે હરિબા મહિલા આર્ટસ , કોમર્સ, બી.સી.એ. અને સપોર્ટસ કોલેજ ચાલુ છે જેનું પ્રવેશ કાર્ય શરુ છે.આ કાર્યક્રમને સફળ બનાવવા મહેશભાઈ, મંજુબા તથા શીતલબેન વગેરે ખુબ જહેમત ઉઠાવી હતી.

---

##### જીઇબી એન્જીનિયર્સ એસોસીએશન (જીબીઆ) દ્વારા ઝુંપડપટ્ટીના બાળકો અને ગરીબ પરિવારોને

## અમરેલી, કુંડલા અને ઉનામાં ગરમ કપડાનું વિતરણ

### પીડ પરાઇ જાણે રે શિર્ષક હેઠળ જીઇબી એન્જીનિયર્સ એસોસીએશનનું અનુકરણીય સેવાકીય કાર્ય



અમરેલી,

શિયાળા ની હતુ પુર બહાર માં ખીલેલી છે. સગવડતા ઉપલબ્ધ હોય તેઓ માટે આ શિયાળાની ઋતુ માણવાની હોઈ શકે, પરંતુ ખરેખર ઘણા એવા ઘર કે પરિવારો હોય છે જેના માટે આ શિયાળા થી બચવા કાયદેસર ઝઝુમવું પડતું હોય છે.ઝુંપડપટ્ટીમાં રહેતા આ પરિવારો- બાળકો પાસે ઠંડી થી બચવા ખાસ કંઈ વિશેષ સુવિધા જેવી કે ગરમ વસ્ત્રો-શાલ-રજાઈ હોતી નથી. વધુમાં આ ઝુંપડપટ્ટીઓ ખુલ્લામાં ગામથી દુર આવેલ હોય, રાત્રિ નો ફુંકાતો ઠંડો પવન તેઓ માટે કાતિલ સાબિત થતો હોય છે. ઝુંપડપટ્ટી માં વસતા આવા બાળકો અને પરિવારો ની વ્યથા ને પીડ પરાઈ જાણે રે... કાર્યક્રમ નું શિર્ષક આપી - જીઈબી એન્જીનિયર્સ એસોસીએશન દ્વારા તેઓ ને મદદરૂપ થવાનું એક નોંધનીય અને ઉદાહરણીય કાર્ય મકરસંક્રાતિ ના પૂર્વ દિવસે તા. ૧૩/૦૧/૨૦૨૪ ના રોજ હાથ ધરવામાં આવેલ હતું. નવા વર્ષના પ્રથમ તહેવાર મકરસંક્રાતિ ના આગળના દિવસે અમરેલી - સાવરકુંડલા - ઉના ખાતે ઈજનેરો દ્વારા સ્વેટર- ટોપી-મોજા-શાલ વગેરે એકઠા કરી સૈગ સાથે મળી શહેર ની છેવાડા ની ઝુંપડપટ્ટી માં વહેંચણી કરવામાં આવેલ હતી. સાથે સાથે મકરસંક્રાતિ ને અનુલક્ષી ને ગોળ-શીંગ ની ચીકી -મમરા ના લાડુ બધાને ખવડાવી મોં મીઠા કરાવ્યા હતા. જીઈબી એન્જીનિયર્સ એસોસીએશન - અમરેલી સર્કલ સેક્રેટરી શ્રી કે.બી.પોંકીયા દ્વારા સમગ્ર કાર્યક્રમ નું સુંદર આયોજન - સંચાલન અને અમલીકરણ કરવામાં આવેલ હતું. શ્રી બી.એમ.શાહ - સેક્રેટરી જનરલ - જીબીઆ એક યાદી માં જણાવે છે કે જીબીઆ દ્વારા ગુજરાત ના દરેક અલગ અલગ સેન્ટરો પર વખતોવખત બ્લડ ડોનેશન કેમ્પ - વૃક્ષારોપણ- ચકલી ઘર વિતરણ - માનસિક - શારીરિક વિકલાંગ બાળકો ને કીટ વગેરે જેવા સ્તૃત્ય કાર્યો અવાર નવાર કરવામાં આવે છે અને દરેક હોદેદારો તથા સભ્યો આ બાબત ને પોતાની નૈતિક ફરજ સમજી કરે છે.શ્રી એમ.એમ.કડછા - જનરલ સેક્રેટરી જીબીઆ દ્વારા પીડ પરાઈ જાણે રે... કાર્યક્રમ ની સફળતા નો શ્રેય કાર્યક્રમમાં તહેવારો દરમિયાન પણ પોતાના પરિવાર નો સમય આ ઝુંપડપટ્ટી ના બાળકો અને પરિવારો સાથે ફાળવવા બદલ ભાગ લેનાર તમામ ઈજનેરો ને આપેલ હતો.

---

## અમરેલીના જુના ગીરિયામાં જાગૃત હનુમાનજીના મંદિરે આગ ભભૂકી

### અમરેલી ફાયરબ્રિગેડની ટીમે આગ બુઝાવી : કોઇ જાનહાની થયેલ નથી



અમરેલી,

અમરેલીના જુના ગીરિયા પાસે આવેલ જાગૃત હનુમાનજી મંદિરે ગઈકાલે ૧૧:૪૫ કલાકે અચાનક આગ લાગતા આખુ મંદિર બળી ગયું હતું. આ અંગે અમરેલી ફાયર એન્ડ ઈમરજન્સીની ટીમને જાણ કરાતા તુરંત ઘટના સ્થળે પહોંચી આગનો કાબુ મેળવ્યો હતો. આ ઘટનામાં કોઈ જાનહાની કે ઈજા થયેલ નથી. ફાયર બ્રિગેડની ટીમમાં તવિકભાઈ ભીમાણી, સાગરભાઈ પુરોહિત, જયદિપભાઈ ઈસોટીયાએ ફરજ બજાવી હતી.

---

##### લુપ્ત થવાના આરે ઉભેલ સુગરીના માળાનું જનત કરવું જરૂરી

## રાજુલા, જાફરાબાદના દરિયા કિનારે સુગરીના માળાનું રક્ષણ કરો

### વનતંત્ર હવે દરિયા કિનારે રક્ષણ માટે ચોકીદાર મુકે તેવી વાઇલ્ડ લાઇફની માંગણી



રાજુલા,ગુજરાત સૌરાષ્ટ્ર બાબરિયાવર માં ચકલીના કુળના પક્ષી મા આફ્રિકામાં ૨૮૦ જાતની સુગરી છે અને ભારતમાં ત્રણ જાત છે જેમાંની એક સુગરી જાત સૌરાષ્ટ્રમાં જોવા મળે છે કે પીળા કલરના ગળા સુધી કલર હોય છે તેની સાસ બહુ જ મજબૂત હોય છે કટર કાપે તેમ ખોરાક લેવામાં ખૂબ જ મજબૂત અનાજના ફોટોગ્રાફ ની માંગણી દાણા નો ખોરાક પણ લેશે અને સુગરીના બચાવો માટે માસાહારી શણ લાવે છે ખાસ કરીને રાજુલા દરિયા કિનારે રામપરા ભેરાઈ નાગેશ્રી પીપાવાવ પોર્ટ ની બાઉન્ડ્રી બાજુમાં બાવળામાં તેમજ અન્ય વૃક્ષો તેમજ જુના કુવાઓમાં ખાસ કરીને નાગ કે માણસ કે હિષક પ્રાણીઓ આંબી ના શકે તેવી સલામત જગ્યાએ સુગરીઓ માળા બાંધે છે એકલ દુકલ સલામત સ્થળે અને નીચે પાણી હોય અથવા નજીક પાણી હોય ત્યાં માળા બાંધવાનું આ સુગરીઓ વધુ પડતું સ્થળ માળો પસંદગી કરે છે હાલ તો ગ્રામ્ય વિસ્તારમાં ૧૫ વર્ષ પહેલા ગામો ગામ સુગરી નો માળો જોવા મળતો હતો તે હવે જોવા મળતો નથી માત્ર દરિયા કિનારે જ અને એક ઝાડ ઉપર કે ગમે તે જગ્યાએ ૧૦થી ૨૦ ઉપરાંત માળા તો એક સાથે બાંધે છે એકલો માળો ક્યાં જોવા મળતો નથી આ માળાઓ બાંધતા માટે નર સુગરી જુદા જુદા શેરડી કેળ કોઈ લીલા ઝાડ તળાવમાં ઉભેલા છૈયા માંથી નર સુગરી જ્યાં તણખા ઝાડના પાનના કાપી અને લઈ જાય છે માળો બાંધવાનો હોય છે ત્યાં પહોંચાડે છે અને માળો બાંધવાનું કામ માંદા સુગરી કરે છે ક્યારેક મદદ પણ નર સુગ્રીવ કરતો હોય છે આ માળો ગુથવા બનાવવા માટે સુગ્રીવ ને પક્ષીઓ ને નાતમાં એન્જિનિયર કહેવાય છે ૩૦ દિવસમાં તો મારો તૈયાર કરી કરી નાખે છે આવો મારો કોઈ કલાત્મક બનાવી શક્યું નથી અને બનાવી પણ શકશે નહીં ગમે તેવો વિજ્ઞાનીક હોય ગમે તેવો પૈસાદાર હોય ગમે તેવો કલાકાર હોય પણ આ મારો બાંધી શકે નહીં કારણ કે માળો બાંધે તેમાં મારો નમી ન જાય તે માટે માટી પણ નાખવામાં આવેલી છે અને ઈંડા કે બચ્ચા પડી ન જાય કે બહાર ન નીકળી શકે તે માટે મોજા જેવો માળો બાંધે છે ત્યાર પછી એમાં ત્રણથી ચાર ઈંડા મૂકે છે અને આ ઈંડા માદા સુગરી સેવન કરે છે ગામડાના કુવામાં પણ હવે માળા જોવા મળતા નથી માત્ર હવે દરિયા કિનારે જ બાવળ કે કાંટાળા ઝાડ ઉપર આવા માળા જોવા મળે છે ત્યારે રાજુલાના વાઈડ લાઈફ ફોટોગ્રાફર મનસુખભાઈ વાઘેલાએ તસવીર કેમેરામાં કેદ રામપરા વિસ્તારના દરિયા કિનારામાંથી જંગલી વૃક્ષ ઉપરથી જાળીમાંથી ફોટો પાડીયો જ્યાં ૨૦થી ૪૦ ઉપરાંત ઝાડમાં આવા માળા આવેલા છે પરંતુ દૂરથી તસવીરો ખેંચી છે અને મનસુખભાઈએ જણાવ્યું કે વન વિભાગમાં વિતરણ વિભાગ જે વૃક્ષો વાવેતરનું પક્ષી બચાવવાનું નું જ કામ કરે છે તેને આ કામગીરી સોંપવી જોઈએ કે જે કોઈ માળો તોડે તેની કડકમાં કડક સજા થાય. તે માટે દરિયા કિનારે રક્ષણ માટે વનતંત્ર વ્યવસ્થા કરે તેમ માંગણી ઉઠયાનું જણાવ્યું છે.

## પાંચ હજાર લોકોનો જ્યાં વસવાટ છે ત્યાં

# રાજુલાની ખોજા સોસાયટી-કૌશિક નગરમાં પાઇપો તૂટી જતા રોડ પર પાણી વહેતા થયાં

### પસાર થતા લોકોને ગટરને કારણે મુશ્કેલી : પાલિકાને રજુઆત



રાજુલા, (કનુભાઈ વરૂ) રાજુલા માં જાફરાબાદ રોડ ઉપર આવેલી ખોજા સોસાયટી કૌશિક નગર અંદાજે પાંચ હજાર માણસો આ સોસાયટીમાં રહેશે પરંતુ છેલ્લા ૧૫ દિવસથી નગરપાલિકા નો પાઈપલાઈન તૂટી જતા સોસાયટીના લોકો રાહદારીઓ રસ્તા ઉપર થી ચાલતા પણ ભારે મુશ્કેલી પડે છે આજ દિન સુધી આ સોસાયટી નો રોડ પણ કરવામાં આવ્યો નથી રોડ કાચો હોવાથી પાઈપલાઈન માંથી પાણી રોડ ઉપર પડે છે વૃદ્ધો મહિલા કે બાળકો આ રોડ ઉપરથી પસાર થતા મુશ્કેલી પડતા લોકો રોસે ભરાય અને આ સોસાયટીનું મહિલાનું ટોળું હીરાભાઈ ની કાર્યાલય રજૂઆત કરવા આવતા હીરાભાઈ તાત્કાલિક માજી નગરપાલિકાના પ્રમુખ રવુભાઈને બોલાવી અને તાત્કાલિક આ પ્રશ્ન હલ કરવા હીરાભાઈ આ કામગીરી રવું ભાઈ ને આપતા રહુ ભાઈ આજે સ્થળ મુલાકાત લઈ આ રોડ બે ત્રણ દિવસમાં રીપેરીંગ કરવા માટેની ખાતરી સોસાયટીમાં આપી હતી આમ હીરાભાઈ સોલંકી અગાઉ નગરપાલિકાની પાણી બાબતની કામગીરી રવુભાઈને સોચતા છેલ્લા ચારક માસથી શહેરમાં બીજો અને ત્રીજા દિવસે પાણી મળતું થઈ ગયું છે અને દરરોજ થી સાત પાણી પુરવઠા ના ટાંકે રવુભાઈ જાય છે અને તપાસ કરે છે કે ક્યાં ગયું પાણી કઈ સોસાયટી નો કાર્ય વારો છે અને ઉપરથી પાણી બંધ હોય તો તાત્કાલિક ફોન દ્વારા જાણ કરે છે આમ રાજુલામાં પાણીનો પ્રશ્ન રહુ ભાઈ હલ કર્યો હતો તેવી જ રીતે આ સોસાયટી નો પ્રશ્ન પણ હલ કરે તેવી માંગણી સોસાયટીના લોકોની છે.

## પહેલા પાનાનું ત્રિપલ મર્ડર

તથા ખાંભા પો.સ્ટે.ના પો.સબ ઈન્સ.કે.ડી.હડીયા તથા અમરેલી રૂરલ પો.સ્ટે.ના પો.સબ.ઈન્સ.આર.જી. ચૌહાણ ઓની અલગ અલગ ટીમો બનાવી આરોપીઓ અંગે તપાસ હાથ ધરવામાં આવેલ. બનાવની આજુ બાજુના વિસ્તારોમાં ખેત મજુરી કરતાં અનેકની તપાસ કરેલી અને અમરેલી એલ.સી.બી. પો.ઈન્સ.શ્રી.એ.એમ. પટેલને અંગત બાતમીદાર તથા ટેકનીકલ સોર્સ મારફતે મળેલ માહિતી આધારે અલગ અલગ વિસ્તારમાંથી ત્રણ શકમંદને પકડતા બનાવનો ભેદ ખુલ્યો હતો.

### ચારેય હત્યારા મધ્યપ્રદેશના અલીરાજપુરના

પોલીસની તપાસમાં હત્યાના ગુનામાં જેમના નામ ખુલ્યા છે તે ચારેય હત્યારા મધ્યપ્રદેશના અલીરાજપુરના છે.જેમા બબલુ ઉર્ફે પ્યારસિંહ ઉર્ફે ભોલો ભુરસિંહ વસુનીયા, ઉ.વ.૨૨, રહે.આગાની, પુજારા ફળીયા, તા.છોતેતારા, જિ.અલીરાજપુર (મધ્યપ્રદેશ) હાલ રહે.હાડીડા ગામની સીમ, રામભાઈ કુંભારની વાડીએ. તા.સાવરકુંડલા, જિ.અમરેલી, બીજો મેરસિહ તીનચીયા પારદીયા, ઉ.વ. ૩૫, રહે.બંદબંદબડા, પટેલ ફળીયુ, તા.જિ.અલીરાજપુર (મધ્યપ્રદેશ) હાલ રહે. હાલ રહે.હાડીડા ગામની સીમ, રામભાઈ કુંભારની વાડીએ, તા.સાવરકુંડલા, જિ.અમરેલી તથા ત્રીજો ઈન્દ્ર કિશન વસુનીયા, ઉ.વ.૨૨, રહે.આગાની, પુજારા ફળીયા, તા.છોતેતારા, જિ.અલીરાજપુર (મધ્યપ્રદેશ) હાલ રહે. લાઠી ગામની સીમ, ભરતભાઈ કોટડીયાની વાડીએ, તા.લાઠી, જિ.અમરેલી.અને ચોથી મુખ્ય સુત્રધાર પકડાવાનો બાકી આરોપી ભુરા મોહન બામનીયા, રહે.હિટલા ગામ, તા.જાંબુવા, જિ.અલીરાજપુર (મધ્યપ્રદેશ), હાલ રહે.જામ કંડોરણા ગામની સીમ, તા.જામ કંડોરાણા, જિ.રાજકોટના નામ ખુલ્યા છે.

### ભુરી ડાકણ હોવાનો વહેમ હતો

હાલમાં જે ફરાર છે તે આરોપી ભુરા મોહન બામનીયા અગાઉ લાલાવદર ગામની સીમમાં વાડી ભાગવી રાખી રહેતો હતો અને ગઈ દિવાળી તહેવાર પછી આ ભુરા મોહનની દિકરીનું બિમારીના કારણે મોત થયેલ. આ મોત પાછળ મરણ જનાર મુકેશની ઘરવાળી ભુરીએ તાંત્રીક વિધી કરેલ હોવાનું અને આ ભુરી ડાકણ હોવાનો ભુરા મોહન બામનીયાને વહેમ હતો જેથી ભુરા મોહન બામનીયા ત્યાંથી બીજે કામ અર્થે જતો રહેલ.

### ભુરી અને મુકેશને પતાવી દેવાનો પ્લાન બનાવ્યો

બાદ આ ભુરા મોહન પકડાયેલ આરોપી બબલુ ઉર્ફે પ્યારસિંહ ઉર્ફે ભોલાનો કુટુંબી બનેવી તેમજ પકડાયેલ આરોપી ઈન્દ્ર કિશનનો કુટુંબી સગો થતો હોય, બન્નેને મુકેશ તથા તેની ઘરવાળી ભુરીને મારી નાખવાનો પ્લાન બનાવેલ અને પોતે જયારે ફોન કરે ત્યારે બન્નેએ સાથે આવવાનું નકિક કરેલ.બાદ ગઈ તા. ૧૦/૦૧/૨૦૨૪ ના રોજ આ ભુરા મોહનએ ઈન્દ્રને ફોન કરેલ અને કહેલ કે હું લાઠી આવુ છુ તુ તૈયાર રેજે આપણે લાલાવદર ગામે જવાનું છે જેથી ઈન્દ્રએ તેની સાથે આવવાની હા પાડેલ, અને પછી આ ભુરા મોહનએ બબલુને ફોન કરી અમરેલી બોલાવેલ અને કહેલ કે આપણે લાલાવદર ગામે કામ ઉતારવા જવાનું છે અને તારી સાથે મેરસિંહને લેતો આવજે હું તમારી અમરેલી રાહ જોઈશ તેમ વાત કરતા, બબલુએ તેના કુંટુંબી કાકા મેરસિંહને આ ભુરા મોહનએ મુકેશ તથા તેની ઘરવાળી ભુરીને મારી નાખવા બાબતે કરેલ પ્લાનની વાત કરેલ અને ત્યાર બબલુ તથા મેરસિંહ બન્ને મોટર સાયકલ લઈ અમરેલી આવવા નિકળેલ બાદ ભુરા મોહન તેનું મોટર સાયકલ લઈ લાઠી આવેલ અને લાઠીથી ઈન્દ્રને સાથે લઈ અમરેલી બાયપાસ રોડ ઉપર આવેલ. અમરેલી બાયપાસ રોડ ઉપર બબલુ તથા મેરસિંહ બન્ને મોટર સાયકલ લઈને આવતા ચારેય જણા બે મોટર સાયકલ લઈને લાલાવદર મુકેશની વાડીએ જવા નિકળેલ.

### કેવી રીતે કરી ઘાતકી હત્યા ?

બાદ આ ચારેય જણા લાલાવદર ગામે મુકેશની વાડીએ આશરે રાતના બારેક વાગ્યા પછી પહોચેલ, મુકેશ તથા તેની ઘરવાળી ભુરી તથા મુકેશની બહેન ત્રણેય વાડીની ઓરડીમાં સુતા હોય, મેરસિંહએ ઓરડી બહાર ધ્યાન રાખવા ઉભો રહેલ અને ત્રણેય ઓરડીની અંદર જઈ, બબલુએ મુકેશનું ગળુ પકડી, ગળાચીપ આપી, ગળામાં ચુંદડી વીટી દીધેલ અને મોત નિપજાવેલ, અને ભુરા મોહનએ મુકેશની ઘરવાળી ભુરીને ગળાચીપ દઈ, ગળામાં દોરી વીટી મોત નિપજાવેલ.

### આઠ વર્ષની જાનુ ભુરાને ઓળખી ગઇ અને...

મુકેશ અને ભુરીને પતાવી દીધા બાદ મુકેશની આઠ વર્ષની બહેન જાનુ ભુરાને ઓળખી ગઈ હતી જેને ઈન્દ્રએ ગળાચીપ દઈ મોત નિપજાવેલ. બાદ ચારેય જણાએ ગોદડાની જોળી બનાવી, મુકેશ તથા તેની ઘરવાળી ભુરી તથા મુકેશની બહેન જાનુને તેમાં સુવડાવી વારા ફરતી વાડીના કુવામાં ફેંકી, ભુરા મોહન તેની મોટર સાયકલમાં ઈન્દ્રને બેસાડી, ઈન્દ્રને લાઠી ઉતારી જામકંડોરાણા જતો રહેલ અને બબલુ તથા મેરસિંહ તેનું મોટર સાયકલ લઈ હાડીડા પોતાની ભાગવી રાખેલ વાડીએ જતા રહેલ હોવાની હકિકત જણાય આવેલ છે.

### મુકેશ પરિવાર સાથે ભાગી ગયાના પુરાવા ઉભા કર્યા

આરોપીઓએ મુકેશ તેની પત્ની અને બહેનને મોતને ઘાટ ઉતારી અને વાડી માલીક તેને શોધે નહી અને શોધે તો તે અહીથી ચાલ્યા ગયા છે કે ભાગી ગયા છે તેવું લાગે તે માટે મરનાર મુકેશનો તમામ સામાન સાથે લેતા ગયા હતા પણ તેમને એ કલ્પના કે ખબર ન હતી કે પાણી લાશને સંઘરે નહી અને લાશ કુવામાં ઉપર આવશે.

### પોલીસ તંત્ર કડકમાં કડક ઝડપી કાર્યવાહી કરશે

એસપીશ્રી હિમકરસિંહે પત્રકારોને વિગતો આપતા જણાવેલ કે હત્યારાઓ સામે પોલીસ કડક કાર્યવાહી કરશે ઝડપથી તેને સજા મળે તેવા પ્રયાસો કરશે.

### હત્યામાં સ્થળ ઉપરથી વૈજ્ઞાનિક પુરાવાઓ મળ્યા

આ ત્રીપલ મર્ડરના બનાવનું સ્થળ અંતરીયાળ હતુ તેમા કોઈ આઈવીટનેસ મળતા મુશ્કેલ હોય તપાસ કરનારી પોલીસને બનાવના સ્થળેથી વૈજ્ઞાનિક પુરાવાઓ મળતા તે કબજે કર્યા છે.

### સતત દોડી કામગીરી કરનાર પોલીસ

આ કામગીરી અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહના માર્ગદર્શનમાં અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ.એ.એમ.પટેલ તથા પો.સ.ઈ. એમ.બી.ગોહિલ તથા અમરેલી એલ.સી.બી. ટીમ તથા એસ.ઓ.જી. અમરેલી પો.ઈન્સ.આર.ડી.ચૌધરી તથા પીપાવાવ મરીન પો.સ્ટે.પો.સબ.ઈન્સ.પી.બી.લકકડ તથા ખાંભા પો.સ્ટે.ના પો.સબ ઈન્સ.કે.ડી.હડીયા તથા અમરેલી રૂરલ પો.સ્ટે.ના પો.સબ.ઈન્સ.આર.જી.ચૌહાણ દ્વારા કરવામાં આવેલ છે.

# રાજુલામાં અક્ષત યાત્રાનું સ્વાગત કરાયું



રાજુલાનાં શક્તિ ચોકમાં સ્વાગત કરવામાં આવ્યું તે પ્રસંગે રમેશભાઈ ગઢીયા સહિત ભાવિકો સામૈયામાં તસવીરમાં નજરે પડે છે.

# પાળિયાદમાં અમાસના લોકમેળામાં માનવ મહેરામણ ઉમટ્યો

### વિહળધામમાં અમાસ નિમિતે ભાવિકોનો પ્રવાહ ઉમટયો : અનેરૂ ધર્મમય વાતાવરણ સર્જાયુ









રાજુલા, (જયદેવ વરૂ) પાળિયાદની વિસામણ બાપુની જગ્યામાં અમાસનું મહાત્મ્ય છે. વિહળધામ એ પરમ પુજય શ્રી વિસામણબાપુની દેહાણ પરંપરાની જગ્યા છે, કે જ્યાં ધર્મના સદાવ્રત, ભજન અને ભક્તિ રૂપી ત્રણ ધજાગરા ઉભા છે. અહીં રોટલો 'ને ઓટલો ચોવીસે કલાક મળી રહે છે. પુજય વિસામણબાપુએ વર્ષો પહેલા ઘી, ગોળ અને ચોખાનિ પ્રસાદનું સદાવ્રત શરૂ કરેલ, તે અવિરત સેવાગંગા આજે પણ શરૂ છે અને હજારો શ્રધ્ધાળુ ભાવિકો, યાત્રિકો અને દિનદુખીયા અહીં પ્રસાદનો રોજ લાભ લે છે. પુજય ઉનડબાપુએ ભાવિકોને ભગવાન શ્રી રાઘવેન્દ્ર સરકાર અને ઠાકર વિહળાનાથના અમાસના દિવસે ધજા ચડાવવાની પરંપરા આરંભી. જે કોઈ સેવકની ધજા અને રસોઈ લખાવેલ હોય, એમને દર અમાસે વારા પ્રમાણે લખાવેલ રસોઈ અને ધજાની સેવાનો લાભ મળે છે. અમાસના દિવસે ધજા અને રસોઈના યજમાન પરિવાર પ્રથમ બ્રાહ્મણો દ્વારા ધજાનું પૂજન કરાવી, ત્યાર બાદ ઢોલ- નગારા સાથે વાજતે ગાજતે ધજાને પરિવારના લોકો માથે ચડાવી, ધજાગરા પાસે આવે છે અને ત્યાં પાળીયાદ જગ્યાના મહંત ગાદીપતિ ધજાને વધાવે છે, નમન કરી માથે ચડાવે છે અને પછી ધજા ચડાવવામાં આવે છે. આ કાર્યક્રમ દર અમાસના દિવસે હોય છે. પાળીયાદના શ્રધ્ધાળુ ભાવિકો અમાસ ભરવા અને દર્શન કરવા ખૂબ મોટી સંખ્યામા દૂર દૂરથી આવે છે. આ સંખ્યા આજની તારીખે વધતી વધતી એક લાખથી ઉપર પહોંચી ગઈ છે, જે પૈકી સિત્તેરથી એંસી હજાર ભાવિકો પ્રસાદ લે છે. અમાસના દિવસે પાળીયાદમાં લોકમેળા જેવો માહોલ હોય છે. લોકો આવે છે, પ્રભુ શ્રી રાઘવેન્દ્ર સરકાર અને ઠાકર વિહળાનાથની સમાધિ સ્થાન દેવળે માથુ નમાવી માનતા કે પ્રાર્થના કરે છે અને આશીર્વાદ મેળવે છે. પાળીયાદના ઠાકરને રોકડિયો ઠાકર કહેવામાં આવે છે, જે ભક્તોનાં મનની ઈચ્છા તરત પુરી કરે છે. શ્રધ્ધાળુ ત્યાં વંશ પરંપરાગતના ઠાકર અને મહંતની સમાધિ સ્થાન દેરીએ માથું નમાવી, દર્શન અને પ્રાર્થના કરીને આશીર્વાદ મેળવે છે. હાલના મહંત શ્રી શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર નિર્માળાબા ઉનડબાપુના ચરણ સ્પર્શ કરી, બાળઠાકર શ્રી પૃથ્વીરાજબાપુનાં દર્શન કરી અને જગ્યાના સંચાલક અને અખિલ ભારતીય સંત સમિતિના કાયમી સદસ્ય પૂજ્ય શ્રી ભયલુબાપુનાં દર્શન કરીને વિસામણ બાપુના જન્મસ્થળ ઓરડાનાં દર્શન અને પરચા પૂરતો પાણીના અવેડાનું ચરણામૃત લઈને ગૌસેવા માટે બનાવેલ શ્રી બણકલ ગૌશાળા, કે જ્યાં ૬૫૦થી વધુ ગાયો રાખેલ છે, એની મુલાકાત લે છે. ગૌમાતાને સ્પર્શ અને વહાલ કરીને ગૌરજ માથે ચડાવે છે, અશ્વશાળાની મુલાકાત લે છે.અને જૂની વિન્ટેજ કારનું કલેકશન લોકોને નિહાળવા માટે જગ્યા દ્વારા કાચના શોકેસ બનાવીને ખુલ્લું મૂકેલ છે. જે ખૂબ આકર્ષણનું કેન્દ્ર બનેલ છે. લોકો અહીં ફોટોગ્રાફી કરે છે ત્યારબાદ ભોજન- પ્રસાદ આરોગે છે અને ખૂબ ધન્યતા અને દિવ્યતાના ભાવ અનુભવ સાથે પોતાના ગામ તરફ પ્રસ્થાન કરે છે. પગપાળા દર્શને પણ ખૂબ લોકો આવે છે જે અમાસની આગળના દિવસે રાત્રીના સમયે આવી જાય છે અને ઉતારો કરે છે. આવી રીતે અમાસનો આખો દિવસ પાળીયાદમાં શ્રધ્ધાળુઓની ખૂબ ભીડ રહે છે. રણુજા ના રાજા અને બારબીજના ધણી રામદેવપીરના અવતાર પુજ્ય વિસામણબાપુને માનવામા આવે છે. એના પુરાવા પણ છે અને હજારો પરચા પુરેલા છે. જેમને પાળીયાદના ઠાકરની ઉપમા પણ છે અને રામદેવપીર ના વરદાન પ્રમાણે 'પેઢીએ પીર અને સવાયા પીર થશે'-એ વચનનું સત્ય સમયે સમયે નજરે જોઈ શકાય છે. ૧૧/૦૧/૨૦૨૪ ને અમાસ નિમિતેની રસોઈ- પ્રસાદ અને ધ્વજારોહણનો લાભ વિહળ પરીવાર સેવક શ્રી રણછોડભાઈ લાલજીભાઈ ભાલાણીએ લીધો હતો આજે અમાસ હોવાથી આજે એક લાખ ઉપરાંતની સંખ્યામાં શ્રધ્ધાળુઓ ઠાકરનાં દર્શન માટે ઉમટી પડ્યા હતા. સહુએ પ્રસાદ ગ્રહણ કરીને ધન્યતા અનુભવી હતી.

# ખાંભા પોલીસ મથકમાં પોકસોના ગુનામાં ધારી કોર્ટ દ્વારા આરોપીઓને નિર્દોષ છોડી મુકવા હુકમ


### એડવોકેટ શ્રી ચૌહાણ, શ્રી દેવમુરારી, શ્રી વાઘમશીની દલીલોને ગ્રાહ્ય રાખી



ચલાલા, (પ્રકાશ કારીયા) ખાંભા પોલીસ મથકના પોકસોના ગુનામાં આરોપી રામજી મેઘાભાઈ સોલંકી, ભાનુબેન રામજીભાઈ સોલંકી સામે ફરિયાદ દાખલ કરવામાં આવેલ હતી અને ત્યારબાદ ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ સ્પે.પોકસો જજ ધારીના એડીશનલ સેશન્સ જજ એમ.એન.શેખ સમક્ષ કેસ ચલાવવામાં આવતા ફરિયાદ પક્ષ દ્વારા કેસ સાબિત કરવામાં ઘણા લેખિત અને મૌખિક પુરાવા રજુ કરવામાં આવેલ જેમાં આ કેસમાં આરોપીઓ તરફે યુવા એડવોકેટ અશ્વિનભાઈ કે. ચૌહાણ, એન.ડી. દેવમુરારી, એમ.જી.વાઘમશી રોકાયેલ હતાં. જેમની ધારદદાર દલીલોને ધ્યાને લઈ ધારીના સ્પે.પોકસો જજ અને એડી. સેશન્સ જજ એમ.એન. શેખ દ્વારા આરોપીઓને નિર્દોષ છોડી મુકવા હુકમ કર્યો હતો.

### વાહ કયા સીન હૈ..!

## અજિંકય



બાબાપુરના ગોહિલ પરિવારનો લાડકવાયો અજિંકય. જે દાદા શરદભાઈનો વહાલો, દાદી મધુબેનનો લાડકો, પપ્પા અજીતભાઈના હૈયાનો હાર, મમ્મી નિરુબેનનો કાનો, દિયાફીયા અને જાગુફીયાનો નટખટ, જાનવીદીદી અને કેયુદીદીનો ભઈલો અને સ્વ. હરિબાપાનો છેલ્લો મિત્ર..અજિંકય નો આજે જન્મ દિવસ છે.. સૌ સગા-સ્નેહી અને ગોહિલ પરિવાર તરફથી હેપ્પી બર્થ ડે સાથે શુભઆશિષ.

## અયોધ્યામાં રામ મંદિર મહોત્સવ અનુલક્ષીને

# સમગ્ર રાજ્યમાં ધાર્મિક સંસ્થાઓને સફાઇ કામગીરી હાથ ધરવા આદેશ

### મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલ દ્વારા કરાયેલો અનુરોધ



અમરેલી,અયોધ્યામાં રામ મંદિર પ્રતિષ્ઠા ઉત્સવ અનુલક્ષીને ગુજરાતમાં તમામ ધાર્મિક સંસ્થાઓ વહિવટદારોએ તા.૧૪ થી ૨૨ દરમિયાન ધાર્મિક સ્થળોની સફાઈ, શણગાર અને દરીદ્ર નારાયણોને ભોજન પ્રસાદની વ્યવસ્થા કરવા અને સાંસ્કૃતિક મહોત્સવમાં ભાગ લેવા કાયદા મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલે હુકમ કરતા સંયુક્ત ચેરીટી કમિશ્નર દ્વારા ગુજરાતભરમાં આદેશ કરવામાં આવ્યો છે.

## અયોધ્યામાં રામ જન્મભુમિ ઉપર રામ મંદીર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ નિમિતે

# અમરેલી શહેરમાં સારહી યુથ કલબ દ્વારા શ્રી રામ પુજન, મહા આરતી, આતીશબાજી

### સારહી યુથ કલબનાં સ્થાપક શ્રી મુકેશ સંઘાણી અને તેની ટીમનું આયોજન

અમરેલી, અયોધ્યામાં શ્રી રામ જન્મભુમિ ઉપર નિર્મિત શ્રી રામ મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ નિમિતે તા. ૨૨-૧-૨૪ સોમવારે ભગવાનશ્રી રામનું પુજન, અર્ચન સવારનાં ૯:૩૦ કલાકથી અને મહાઆરતી રાત્રે ૮ કલાકે તેમજ રાત્રીનાં ૯ કલાકે આતશબાજી યોજાશે. અમરેલીનાં ડો.જીવરાજ મહેતા ચોક ખાતે યોજાનાર કાર્યક્રમમાં ઉપસ્થિ રહેવા સારહી યુથ કલબ ઓફ અમરેલીનાં પ્રમુખ શ્રી મુકેશ સંઘાણીએ જણાવ્યું છે.

# અમરેલીના પુર્વ ધારાસભ્ય શ્રી ઠાકરશીભાઇ મેતલીયાને ૭૫ પુરા થયાં:૭૬ મું વર્ષ બેઠુ

### ૭૫ વર્ષ પુરા કરતા જન્મદિને શુભકામનાઓનો ધોધ વહ્યો




અમરેલી, અમરેલીના આખા બોલા અને નીડર તથા શિસ્તનાં આગ્રહી પુર્વ ધારાસભ્ય અને જિલ્લા કોંગ્રેસના પુર્વ પ્રમુખ શ્રી ઠાકરશીભાઈ મેતલીયાએ ૭૫ વર્ષ પુરા કરી ૭૬ માં વર્ષમાં પ્રવેશ કર્યો છે જન્મદિન નિમિતે વિવિધ ક્ષેત્રનાં આગેવાનો, રાજકીય આગેવાનો અને સહકારી જગત તથા સહકારી આગેવાનો દ્વારા શુભકામનાઓનો ધોધ વહેતો થયો છે.

### અવસાન નોંધ

અવસાન નોંધ

મૂળ દેવળા નિવાસી હાલ ધારી ના રહીશ જીતુભાઈ તથા અશોકભાઈ તથા સ્વ.રાજુભાઈ તથા બકુલભાઈ હિંમતલાલ જોષી તથા દક્ષાબેન કલ્પેશકુમાર મહેતા ના માત્રુ શ્રી ભાનુબેન હિંમતલાલ જોષી ઉ.વષે ૮૨ નું આજરોજ દુઃખદ અવસાન થયેલ છે તેમનું બેસણું ગુરૂવારે તા.૧૮/૧/૨૦૨૪ના સાંજે ૩થી ૬ રાખેલ છે સમસ્ત બ્રહ્મસમાજ ની વાડી ધારી ખાતે રાખેલ છે


## અમરેલી જીલ્લાના ધારી તાલુકાના મોજે ડાભાળી ગામના રેવ.સ.નં.૨૨/૨ પૈકી ની ખેડવાણ જમીનના ટાઈટલ ચકાસણી અર્થે તથા વેચાણ દસ્તાવેજ કરાવતા પુર્વે જાહેર નોટીસ

અમરેલી જીલ્લાના ધારી તાલુકાના મોજે ડાભાળી ગામના ખેડખાતા નં.૩૬૭ થી નોંધાતી રેવ.સ.નં.૨૨/૨ પૈકી ની ૪-૫૯-૦૨ હે.આરે.ચો.મી. ખેડવાણ જમીન વેચાણ દસ્તાવેજ નં.૩૮૦ તા.૧૮/૦૩/૨૦૨૧ ની રૂઈએ (૧) પ્રભાબેન વિનોદરાય કાલાવડિયા, (૨) જયોત્સનાબેન હસમુખલાલ દેત્રોજા, (૩) સંજીવકુમાર વસંતરાય ચનીયારા, (૪) સંદીપભાઈ વસંતભાઈ ચનીયારા, (૫) ચંન્દ્રીકાબેન નરોતમભાઈ ચનીયારા, (૬) શ્રધ્ધાબેન તુષારભાઈ કણસાગરા સહ માલિકી હકકે કબજે ભોગવટે ધારણ કરે છે અને રેવન્યુ રેકર્ડ ગામ નમુના નં.૭/૧૨ મા તેઓના નામે નોંધાયેલ છે તે ખેડવાણ જમીન ટાઈટલ કલીયર અને માર્કેટેબલ છે તેમ જણાવી ખાલી, શાંત, નિર્ભય કબજે વેચાણ આપવા અમારા અસીલ સાથે સોદો કરી બાનાની રકમ સ્વિકારી વેચાણ કરાર કરી આપેલ છે.

વાસ્તે આ જાહેર નોટીસ આપી લાગતા વળગતા સર્વેને જણાવવાનુ કે, સદરહુ જમીન પરત્વે ઉપરોક્ત માલિકો સિવાય કોઈપણ શખ્સ, સંસ્થા, બેન્ક, મંડળી, કે અન્ય કોઈનો પણ કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો કે લાગભાગ કે વારસાઈ હકક કે અન્ય કોઈ પણ પ્રકારના હકકો પોષાતા હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિવસ-૧૦ મા નીચેના સરનામે વાંધા આધાર પુરાવા સહ રજી.એ.ડી.થી રજુ કરવા, અન્યથા નિયત સમયમા વાંધા રજુ થશે નહી તો સદરહુ ખેડવાણ જમીનમા કોઈનો પણ કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો કે લાગભાગ નથી તેમ માની, અગર તો હોય તો તે જતો કરેલ છે તેમ ગણી, તેમજ સદરહુ જમીન ટાઈટલ કલીયર અને માર્કેટેબલ છે તેમ માની અમારા અસીલ અવેજની સંપુર્ણ રકમ ચુકવી આપી વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. અને ત્યાર બાદ કોઈના પણ કોઈપણ પ્રકાર ના વાંધો તકરાર માન્ય રહેશે નહી. જેની સર્વેએ નોંધ લેવી.

ભાવનગર.
તા.૧૫/૦૧/૨૦૨૪
ઓફીસ : કોર્ટ રોડ, પોસ્ટ ઓફિસ સામે, નિરંજન ફોટો સ્ટુડિયોની ઉપર, ભાવનગર.
મો. ૯૪૨૬૨૦૭૬૧૫, ૯૪૨૮૦૦૯૬૯૭

અમારા મારફત
અસીલની સુચનાઅનુસાર
દિનેશ વી. દેસાઈ
ધ્રુવ ડી. દેસાઈ
એડવોકેટસ









## શ્યામ આંખની હોસ્પિટલ

**ડો. કપિલ બી. વરૂ (M.S.)**
(આંખના સર્જન)
મોતીયા, ઝામર તથા પડદાના રોગના નિષ્ણાંત

૨૫૦૦૦ થી વધારે મોતીયા, ઝામર, વેલ તથા બાળકોના મોતીયાના ઓપરેશનના અનુભવી

**અહીં ઉપલબ્ધ સારવાર :**

- અતિ આધુનિક ફેકો મશીન પધ્ધતિથી ઇન્જેક્શન, ટાંકા તેમજ પટ્ટી વગર મોતિયાના ઓપરેશન
- ઓપરેશન પછી ફક્ત ૧૦ મીનીટમાં રજા તમામ પ્રકારના જટિલ મોતીયા તથા બાળકોના મોતિયાના ઓપરેશન
- તમામ પ્રકારના મોનોફોકલ, મલ્ટિફોકલ, ટોરિક જેવા પ્રિમિયમ નેત્રમણી (LENS) સાથેના ઓપરેશન
- વેલનું અતિ આધુનિક રીતે પ્લાસ્ટીક સર્જરી દ્વારા ટાંકા વગરનું ઓપરેશન
- અદ્યતન મશીન દ્વારા આંખના નંબરની તપાસ તથા પાંપણના ઓપરેશન
- કીકીને લગતા તમામ રોગોની સારવાર, ઝામર તેમજ ઝામર સાથે મોતિયાના ઓપરેશન
- ડાયાબિટીસ તેમજ બી.પી.ના દર્દીઓને આંખના પડદામાં થતા નુકશાનની સચોટ તપાસ તેમજ સારવાર
- ઇમ્પોટેર્ડ લેસર મશીનથી છારી ઉતારવાની સુવિધા

-: સ્થળ :-

-: અમરેલી :-
સફારી પ્લાઝા, બીજો માળ, એન્જલ સિનેમા સામે, માણેકપરા,
હોસ્પિટલ મો.૮૭૫૮૫ ૩૫૦૦૦

-: રાજુલા :-
શિવશક્તિ શોપિંગ સેન્ટર, બેંક ઓફ બરોડાની બાજુમાં, કોહીનુર હોટલની સામે, જાફરાબાદ રોડ,
હોસ્પિટલ મો.૭૪૩૪૮ ૦૮૦૦૦

सत्यमेव जयते
AVADH TIMES DAILY
# અવધ ટાઇમ્સ
AVADH TIMES GROUP
સૌરાષ્ટ્ર આવૃત્તિ
પાના નં. ૮ તા.૧૬-૧-૨૦૨૪ મંગળવાર

**બાલક્રિષ્ના ટ્રેક્ટર્સ**
પ્રસ્તુત છે નવુ આયસર 188 (મીની) ટ્રેક્ટર
ગર્વમેન્ટ સબસીડી માન્ય
*શરતોને આધીન
નાનુ મોટુ બધુ કામ થયુ આસાન
● ઓઇલ બ્રેક
● મલ્ટિ સ્પીડ પી.ટી.ઓ.
● સાઇડ ગેર
રાજુલા, સાવરકુંડલા, અમરેલી મો.૯૯૦૪૩૨૨૯૬૧/૬૩/૬૫



**ખરજવાની જળો દ્વારા અપાતી અકસીર સારવાર**
સુકા, તથા લીલા ખરજવા, ધાધર, શીળસ, ખુજલી, ખસ, લોહી, ગંઠાઈ જવું પાકી ગયેલ રસોળી, ગડગુમડ, સફેદ ડાઘ, સોરાયસીસ, સાંધાનો-વાનો માથાનો દુઃખાવો, ખીલ, વાઢીયા, કરોળીયા, હર્પીસ, હરસ-મસા-ભંગદર, જેવા હઠીલા રોગોના જળો દ્વારા ખરાબ લોહી ચુસીને 100% મટાડી શકાય છે.
**કૈલાશ કલીનીક**
જળો દ્વારા કુદરતી ઉપચાર કેન્દ્ર
ડો. એલ.એલ. બાવળીયા B.A.M.S., M.D. (H.M.) મો. ૯૪૨૬૪ ૨૧૯૨૨
ડો. ભરત એલ. બાવળીયા B.A.S.M., M.D. (H.M.) મો. ૯૪૨૮૪ ૧૯૮૪૧
હનુમાન પરા રોડ, મોહન નગર, અમરેલી. ફોન :- (૦૨૭૯૨) ૨૩૨૫૭૫



**હોસ્પિટલ માટે સ્ટાફ જોઇએ છે**
**મેડીકલ ઓફીસર**
M.B.B.S./B.H.M.S./B.A.M.S.
પગાર ધોરણ : ૧૩,૫૦૦/- થી ૧૬,૦૦૦/-
લેડીઝ પર્સન : દિવસ માટે (Day shift)
જેન્ટસ પર્સન : રાત્રી માટે (Night shift)
**રિસેપ્સનિસ્ટ - ૧**
કમ્પ્યુટર/૧૨ પાસ
પગાર ધોરણ : ૭,૦૦૦/- થી ૮,૦૦૦/-
**મેડીકલ સ્ટોર**
જેન્ટસ પર્સન : દિવસ માટે (Day shift)
ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું, ફોન કરવો નહીં
**નારી** વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

## સાવરકુંડલામાં બે મોબાઇલ ચોરાયા

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) સાવરકુંડલા મહુવા રોડ ખાદી કાર્યાલય મહુવા રોડ પાસે ગોરડકા ગામના સુભાષભાઈ

(અનુ. પાના નં.૪)

### વિરપુર ગ્રામ પંચાયત તા.ધારી, જી.અમરેલી

**-:: જાહેર હરરાજી ::-**

આથી તમામ રસ ધરાવતા વ્યક્તિઓને જણાવવાનું કે વિરપુર ગામ ખાતેનાં જુના ઉભા જર્જરીત બસ સ્ટેન્ડનાં ઇમલાની જાહેર હરરાજી તારીખ : ૧૯-૧-૨૦૨૪ ને શુક્રવારના રોજ રાખેલ હોય તો રસ ધરાવતા ઇસમોએ સવારે ૧૧:૩૦ કલાકે વિરપુર ગ્રામ પંચાયત ઓફીસે ઉપસ્થિત રહેવા જાણ કરવામાં આવે છે. હરરાજીમાં ભાગ લેનાર વ્યક્તિએ ડિપોઝીટ પેટે રૂા.૧૦૦૦/- ભરવાના રહેશે. અને ડિપોઝીટ ભરનાર વ્યક્તિ જ હરરાજીમાં ભાગ લઇ શકશે. હરરાજીની અન્ય શરતો સ્થળ પર હરરાજીના દિવસે રૂબરૂ વાંચી સંભળાવવામાં આવશે.

તલાટી કમ મંત્રીશ્રી, વિરપુર ગ્રામ પંચાયત, તા.ધારી
સરપંચશ્રી, વિરપુર ગ્રામ પંચાયત, તા.ધારી

NATIONAL INSTITUTE OF OPEN SCHOOLING
(N.I.O.S.)
**ધો.૧૦ / ધો.૧૨**
સામાન્ય પ્રવાહ / વિજ્ઞાન પ્રવાહ
એડમીશન માટે સંપર્ક : ૯૪૨૭૨ ૪૯૨૫૬
**શ્રી તુન્ની વિદ્યા મંદિર**
જેશીંગપરા, રંગપુર રોડ, અમરેલી - ૩૬૫૬૦૧

અમરેલી જિલ્લામાં એકમાત્ર...
LIC
સતત 5th Times
**C.O.T. 2024**
CORPORATE CLUB MEMBER
સતત ૧૩ વર્ષથી M.D.R.T.
મનિષભાઇ એસ.ભટ્ટ
૯૮૨૪૨ ૫૬૧૫૮



**માનસિક રોગોના ખ્યાતી પ્રાપ્ત નિષ્ણાંત**
**ડો. અંકિત એચ. મોગા** M.B., D.P.M. (Pcy.)
મગજ, માનસિક, મનોજાતિય અને વ્યસનમુકિતના નિષ્ણાંત
ઉપલબ્ધ સુવિધાઓ
માથાનો દુઃખાવો, આંચકી ને લગતા રોગો, વિચારવાયુને લગતા રોગો, ઉદાસી, ચિંતા, તણાવ, હતાશા, વધારે પડતો ગુસ્સો આવવો, ધુન રોગ, દ્વિધ્રુવીય રોગ, આપઘાતના વિચારો આવવા, બાળકોને લગતા માનસિક રોગ, વૃદ્ધાવસ્થાને લગતા માનસિક રોગ વગેરેની સારવાર
**સમભાવ ન્યુરોસાઈક્રીયાટ્રી કિલનીક**
C/o. શ્રીજી હોસ્પિટલ, ભીડભંજન મંદિર પાસે, લીલીયા રોડ, અમરેલી. મો. નં. ૭૫૬૭૨ ૭૬૩૬૯
સોમ થી શનિ -સવારે ૯થી ૧, સાંજે ૫ થી ૮

દાંતની સારવાર માટે હવે રાજકોટ કે અમદાવાદ જવાની જરૂર નથી
અમરેલી જીલ્લાના એકમાત્ર M.D.S.
**ડો. મિલન બી. રૈયાણી**
(B.D.S., M.D.S.) (Ortho), Fellow W.F.O.
**ડો. રચના એમ. રૈયાણી**
BDS- Dental Surgeon
વાકા-ચુકા તથા આગળ પડતા દાંત અને જડબાની સારવારના નિષ્ણાંત અને દાંતને લગતા તમામ પ્રકારના રોગોની સારવાર માટેની એક માત્ર હોસ્પિટલ
**રૈયાણી ડેન્ટલ હોસ્પિટલ**
બી.એમ. ચોક, માણેકપરા, અમરેલી, ફોન : (૦૨૭૯૨) ૨૨૦૦૨૩





Sheetal
100% PURE MILK ICE CREAM
BUY 1 GET 1 OFFER
FREE
TRADITIONAL KULFI
ON ORDER OF ANY PIZZA
Sheetal Garden Parlour Atal Park, Collage Circle, Amreli.
10:00am to 11:00pm



આપની સેફટી તેમજ આરામદાયક મુસાફરીએ જ અમારૂ લક્ષ્ય
**સૌથી ઓછા રેટમાં**
હુંડાઈ અલ્કઝાર...(૭ સીટર)
ઈનોવા ક્રિસ્ટા...(૭ સીટર)
મારૂતી અર્ટીગા...(૭ સીટર)
મારૂતી બ્રેઝા...(૪ સીટર)
હુંડાઈ વરના...(૪ સીટર)
હુંડાઈ ક્રેટા...(૪ સીટર)
A/C NON A/C
**જય માતાજી ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ**
ધવલભાઈ મકવાણા - મો. ૯૯૦૪૦ ૨૫૧૭૮
ગોવિંદભાઈ મકવાણા - મો. ૯૪૨૭૯ ૩૫૨૮૦,
ઓનલાઈન બુકિંગ માટે :- jaymatajitourandtravel.com



### માધુપુર ગ્રામ પંચાયત તા.ધારી, જી.અમરેલી

**-:: જાહેર હરરાજી ::-**

આથી તમામ રસ ધરાવતા વ્યક્તિઓને જણાવવાનું કે માધુપુર ગામ ખાતેનાં જુના ઉભા જર્જરીત બસ સ્ટેન્ડનાં ઇમલાની જાહેર હરરાજી તારીખ : ૧૭-૧-૨૦૨૪ ને બુધવારના રોજ રાખેલ હોય તો રસ ધરાવતા ઇસમોએ સવારે ૧૧:૩૦ કલાકે માધુપુર ગ્રામ પંચાયત ઓફીસે ઉપસ્થિત રહેવા જાણ કરવામાં આવે છે. હરરાજીમાં ભાગ લેનાર વ્યક્તિએ ડિપોઝીટ પેટે રૂા.૧૦૦૦/- ભરવાના રહેશે. અને ડિપોઝીટ ભરનાર વ્યક્તિ જ હરરાજીમાં ભાગ લઇ શકશે. હરરાજીની અન્ય શરતો સ્થળ પર હરરાજીના દિવસે રૂબરૂ વાંચી સંભળાવવામાં આવશે.

તલાટી કમ મંત્રીશ્રી, માધુપુર ગ્રામ પંચાયત, તા.ધારી
સરપંચશ્રી, માધુપુર ગ્રામ પંચાયત, તા.ધારી

# -:: નોટિસ ::-

## (જાહેર કમ વ્યક્તિગત લીગલ નોટિસ)

આથી તમો (૧) સુનિલ દિલીપભાઇ તન્ના રહે.લીલીયા, કાયમી સરનામું - જી-૫૦૨, સનસાઇન પેલેસની સામે, વિશ્વકર્મ નગર, વંથલી રોડ, જુનાગઢ તેમજ (૨) ઠક્કર રાજેશભાઇ રણછોડભાઇ રહે. લીલીયા. કાયમી સરનામું - ૫૦૨, રૂદ્રપેલેસ, શાકમાર્કેટ પાસે, વાંઝાવાડ, જુનાગઢવાળા ને આ લીગલ નોટિસ વિગતથી અમારા અસીલ ચિતુરી શ્રીનિવાસ બાબુરાવ રહે. ખમ્મમ, તેલંગાણા વાળાની મળેલ સુચના અને ફરમાઇશ અનુસાર અમો, રફીક આર.મોગલ - એડવોકેટ, રહે.અમરેલીવાળા આ લીગલ નોટિસ વિગતથી નોટીસ કમ તાકિદ કરી જણાવીએ છીએ કે,

અમારા અસીલ ઉપરોક્ત સરનામા ઉપર રહી રાજા રાજેશ્વરી સ્પાસીસ નામની ફર્મથી વેપાર - ધંધા મુજબ ખેતી ઉત્પાદિત ચીજ વસ્તુ જણસ ખરીદ કરીને વેચાણ વ્યવસાય કરીને માલ પુરો પાડવાનું કામ મોટાપાયે કરી રહયા છે અને તેઓ GSTIN / UIN / 36AEOFS5927C1ZR નંબરનો પરવાનો ધરાવે છે.

અમારા અસીલને પોતાની માલ વેચાણ માટે વચેટીયા કે છુટક દલાલ તરીકે અલગ - અલગ વ્યક્તિથી વ્યવહાર હોય તે મુજબ તે અમારા અસીલના દલાલ તરીકે મોહયુદ્દીન સરદાર, ડોડાઇચા, જી.ધોલે (મહારાષ્ટ્ર) મારફત વેચાણ વ્યવસાય વ્યવસ્થા કરે છે.

આ મુજબ ઉપરોક્ત તમો બંને વ્યક્તિ સંયુક્ત રીતે તેમજ સાઇલેન્ટ પાર્ટનર તરીકે રમેશભાઇ રાજાભાઇ રાઠોડ રહે.લીલીયા. કાયમી સરનામું - મુ.ચિત્રા, જી.ભાવનગર, ઓમ પાર્ટી પ્લોટ સામે, મો.નં.૯૪૨૯૬ ૪૧૬૧૦ વાળા દ્વારા આશરે ત્રણ માસ પહેલા લીલીયા તાલુકાના બોડીયા ગામની સર્વે નંબર ૯૧ પૈકી ૫ પૈકી ૨ વાળી જમીનના ક્ષેત્રફળ ૪૮૫૬ ચો.મી.વાળી જમીન બાંધકામ, જીનીંગ ફેક્ટરી, ગોડાઉન, ઓરડી, સંડાસ બ્લોક, ફેક્ટરી કે જે ફેક્ટરીના માલિકો રામ કોટનથી સંચાલીત રામકુભાઇ ભેડા, રહે.પીપળવા વિગેરે ૭ (સાત) પાસેથી વેચાણ રાખેલ જીનીંગ ફેક્ટરી કે જે શ્રીજી કોટેક્સ થી તમો ખરીદ કરી ચલાવો છો. ખરીદ કરેલ જીનીંગ હાલ ધારણ કરો છો અને શ્રીજી કોટેક્સ નાં GST વિગતે GSTIN / UIN / 24AAPFR5082A1ZA થી ધારણ કરેલ છે.

આ વિગતોથી તમોને સદરહુ જીનીંગ ચલાવવા જરૂરી માલ કપાસ જરૂરી મુજબ અમારા અસીલના વચેટિયા દલાલ મોહયુદ્દીનભાઇનાં નંબર મેળવી અમારા અસીલ સાથે તમામ જરૂરી માલ કપાસ પુરો પાડવા સબંધે તમો અને અમારા અસીલ વચ્ચે વચન વિશ્વાસ સમજુતી અને શરતો નક્કી થયા મુજબ અમારા અસીલ દ્વારા આપના ઓર્ડર મુજબ તા.૯-૧૨-૨૦૨૩ થી તા.૧૭-૧૨-૨૦૨૩ સુધીમાં બીલ, વાઉચર કે ઇન્વોઇસ મુજબની વિગતથી માલ પુરો સપ્લાય કર્યા મુજબ અમારા અસીલએ રૂા.૧,૪૦,૮૯,૨૯૧/- અંકે રૂપીયા એક કરોડ ચાલીસ લાખ નેવાસી હજાર બસ્સો એકાણુ નો માલ સપ્લાય કરેલ છે.

જે માલ સપ્લાય થયેલ માલ કપાસ વેચાણની લેણી રકમ સબંધે શરત મુજબ તમો દ્વારા નાણા નહી ચુકવતા અમારા અસીલ દ્વારા વચેટિયા મોહયુદ્દીનભાઇને રૂબરૂ આપની ફેક્ટરી ઉપર મોકલતા અને આપને મળતા આપ તમામ દ્વારા ઉધ્ધતાઇભર્યુ વર્તન કરી અને તમો થાય તે કરી લો અમારે તમારા પૈસા ચુકવવાના થતા નથી અને તમો આજ આવ્યા આવ્યા, હવે પછી આ અમારી ફેક્ટરી ઉપર પગ મુકતા નહી, તેવુ જણાવી રિવોલ્વર હથિયાર જેવુ હથિયાર બતાવી મારી નાખવાની ધમકી આપી તમો દ્વારા અમારા અસીલની રકમ પચાવી પાડવાનો બદ્દઇરાદો પ્રથમથી જ હોય તેવુ ફલિત થયેલ છે અને તમો તમામ દ્વારા ધક્કા મારી બહાર ધકેલી મુકેલ છે અને અમોના અસીલ તથા મોહયુદ્દીનભાઇ વિરૂધ્ધ ખોટી વિગતથી ગુનો દાખલ કરવાની ધમકી આપેલ છે.

આવા તમારા વાણી - વર્તનથી તેમજ અમારા અસીલની માતબર રકમ પચાવી પાડવાના ઇરાદાથી તમો દ્વારા અમારા અસીલના માલ વેચાણ કરીને રોકડ રકમ મેળવી તમો દ્વારા સદરહુ જીનીંગ ખરીદ કર્યા સબબ ચુકવવાની રકમ તમો દ્વારા જીનીંગની ખરીદની અવેજ રકમ ચુકવવા ઉપયોગ કરીને રકમ રૂા.૯૦,૦૦,૦૦૦/- નેવુ લાખની રકમ અલગ - અલગ ચેક દ્વારા તથા રોકડ રકમ ચુકવણું કરીને અમારા અસીલના નાણા ડુબાડવા કે ખોટા કરવાનું ગંભીર પ્રકારનું કૃત્ય કરેલ છે.

આ મુજબ અમારા અસીલની લેણી રકમ રૂા.૧,૪૦,૮૯,૨૯૧/- અંકે રૂપીયા એક કરોડ ચાલીસ લાખ નેવાસી હજાર બસ્સો એકાણુ ની વસુલ કરવા સબંધિત હકુમત ધરાવતી નામદાર પ્રિન્સિપાલ સિવિલ જજ સમક્ષ તેમજ બદ્દઇરાદા, બદદાનતથી પ્રેરાઇને પ્રથમથી જ અમારા અસીલને ખોટા વચન - વિશ્વાસ આપી વિશ્વાસ ભંગ કરીને અમારા અસીલ સાથે છેતરપિંડી કર્યા સબંધ ફોજદારી ધારા અનવયે સબંધિત હકુમત પોલીસ સ્ટેશન અગર સબંધિત હકુમત ધરાવતી ફોજદારી કોર્ટ કચેરી સમક્ષ તમો વિરૂધ્ધ કાર્યવાહી કરવા પ્રગતિમાં હોય તે મુજબ તેમજ અમારા અસીલને મળેલ માહિતી મુજબ તમો દ્વારા અમારા અસીલના નાણા ન ચુકવવા પડે તેવા બદ્દઇરાદાથી આપના હસ્તકનું જીનીંગ ફેક્ટરી શ્રીજી કોટેક્સ - બોડિયા, નું જીનીંગ ફેક્ટરી વેચાણ વ્યવહાર કરવા કાર્ય કૃત્ય કાર્યવાહી કરી રહયા છો તેવી માહિતી મળેલ હોય તે સબબ પણ અમારા અસીલ દ્વારા સબંધિત હકુમત ધરાવતી કોર્ટ સમક્ષ અરજ અહેવાલ કરી કરાવી આપના વેચાણ કરવાના કૃત્ય કે કાર્યવાહી અટકાવવા તેમજ અમારા અસીલની લેણી તમામ ખર્ચ, વ્યાજ સહિતની રકમ મેળવવા કાર્યવાહી કરી સદરહુ શ્રીજી કોટેક્સ, બોડિયા ગામના જીનીંગના જમીન, મિલ્કત, ફેક્ટરી, સામાન, ઇમલો, કપાસ તેમજ રૂની ગાંસડીઓ જપ્તીમાં લઇ મેળવવા કાર્યવાહી કરવા તજવીજ કરી રહયા હોય તે વિગતે તેમજ અન્ય વિગતે અમારા અસીલને રકમ વસુલ મળ્યા પહેલા આવા વેચાણ વ્યવહાર કૃત્ય થયેલ હોય તે કાયમી આવા વેચાણ વ્યવહારનો ઇનકાર કરીને આવા વેચાણ વ્યવહાર કાયમી રદ કરી કરાવી લેવા અમારા અસીલ સક્ષમ છે.

ઉપરોક્ત વિગત મુજબની તમામ વિગત મુજબ અમારા અસીલના નાણા રકમ દિન-૩ ત્રણમાં ચુકતે કરી કરાવી આપશો તે મુજબ ચુક થયા અમોના અસીલ દ્વારા તમામ પ્રકારની કાર્યવાહી કરશે અને આવી થતી થયેલ તમામ કાર્યવાહીમાં ઉદભવતા તમામ પ્રકારના ખર્ચ પરિણામની જવાબદારી તમો જાતે તેમજ તમારા મુખત્યાર વંશ - વારસોની કાયમી રહેશે જે તમામ વિગતથી આ જાહેર નોટિસ તેમજ વ્યક્તિગત નોટિસથી જાણ કરીએ છીએ તે મુજબ તમો તમામ તથા સબંધિત મંડળ, મંડળી, શહેર ખાનગી ટ્રસ્ટો, જાહેર ખાનગી બેંકો, તમામ વ્યક્તિગત તેમજ જાહેર નોટિસથી તાકિદ કરીએ છીએ જેની ગંભીર નોંધ લેશો.

તા.૧૪-૦૧-૨૦૨૪
અમરેલી.

નોટિસ કર્તા,
**(ચિતુરી શ્રીનિવાસ બાબુરાવ)**

અસીલની સુચનાથી
**(રફીક આર.મોગલ - એડવોકેટ)**